


Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com
Email ; saurashtrakranti@gmail.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:8, Issue: 20 Dt.05-11-2022 (Saturday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

# ગુજરાતમાં ભાજપ કોઈ નેતાના સગાને ટિકિટ નહીં આપેઃ પાટીલ

## ૭૫ કે તેથી મોટી ઉંમરના કોઈને ઉમેદવાર ન બનાવાનો પણ પક્ષનો નિર્ણય છેઃ ભાજપના પ્રદેશ પ્રમુખની સાફ વાત



ગાંધીનગરમાં કમલમ્ ખાતે પાટીલના હસ્તે 'અગ્રેસર ગુજરાત' નું લોન્ચિંગ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
ગાંધીનગર, તા.૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં સંકલ્પ પત્ર તૈયાર કરવાની ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ તકે ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે સૂચક ઘોષણા કરી હતી કે, ભાજપ કોઈ નેતાના સગાને ટિકિટ આપશે નહીં. આગામી ચૂંટણીઓમાં ભાજપને ઐતિહાસિક વિજય મળવાનો આશાવાદ ભાજપના પ્રદેશ પ્રમુખે વ્યક્ત કર્યો હતો.

વિધાનસભાની ચૂંટણીઓમાં ભાજપનો સંકલ્પ પત્ર તૈયાર કરવા જનતાના વિચારો અને પસંદગી જાણવા માટે અગ્રેસર ગુજરાત ઝુંબેશનું લોન્ચિંગ પ્રદેશ વડામથક કમલમ્ ખાતેથી કરવામાં આવ્યું હતું. પાટીલે કેમ્પેઈનનું લોન્ચિંગ કરતા જણાવ્યું હતું કે, રાજ્યની પ્રજાના સૂચનોએ ભાજપનો સંકલ્પ રહ્યો છે. એટલે આગામી તા.૫ થી ૧૫ નવેમ્બર સુધી ગુજરાતની જનતાના સૂચનો સ્વીકારવામાં આવી રહ્યા છે.

સૂચનો મળ્યા બાદ સંકલ્પ પત્ર બનાવી પ્રજા સમક્ષ રજુ કરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, ગઈ ચૂંટણીમાં ભાજપે જે વચનો આપ્યા હતા તેમાંથી મોટાભાગના વચનો પૂર્ણ કરવામાં આવ્યા છે. જે વચનો બાકી છે એ પુરા કરવાના પ્રયાસો ચાલુ છે. ભાજપ જનતાને આપેલા વચનો હંમેશા પુરા કરે છે એટલે જ છેલ્લા ૨૭ વર્ષથી ગુજરાતમાં ભાજપને જનતા આશીર્વાદ આપી સત્તા સોંપી રહી છે. ભાજપ સત્તાના માધ્યમથી સેવા કરે છે જેના કારણે ગુજરાતમાં શાસન-વિરોધી મોજું નથી.

પ્રદેશ પ્રમુખે એવો વિશ્વાસ દર્શાવ્યો હતો કે, આ વખતે ગુજરાતની જનતા ઐતિહાસિક રીતે વધુ બેઠકો આપશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં આજે ગુજરાત દરેક ક્ષેત્રે અગ્રેસર છે. ભાજપ ગુજરાતની જનતાના સપનાનું ગુજરાત બનાવવાના પ્રયાસો કરે છે. ડો.જયનારાયણ વ્યાસના રાજીનામાંનો સ્વીકાર કરાયો છે એવું દર્શાવતા પાટીલે ટકોર કરી હતી કે, જયનારાયણભાઈ છેલ્લા ૨૦ વર્ષથી ભાજપ સાથે હતા. તેઓ કેબિનેટમંત્રી પણ બન્યા હતા. એમને બે વખત ટિકિટ આપવામાં આવી હતી. પરંતુ ૭૫ વર્ષની ઉંમર પછી ભાજપમાં ટિકિટની અપેક્ષા ન હોય એવો નિયમ છે જેના કારણે એમણે રાજીનામું આપ્યું હશે. ભાજપે કોઈપણ નેતાના સગાને ટિકિટ નથી આપી અને આપવાનું નથી.

### સંકલ્પ પત્ર તૈયાર કરવા માટે ગુજરાતની જનતાના અભિપ્રાય મંગાવતો ભાજપઃ સૂચન પેટી, વેબસાઈટ અને ૭૮૭૮૧૮૨૧૮૨ નંબર પર લોકો સૂચનો મોકલી શકશે

સંકલ્પ પત્ર માટે લોકોના અભિપ્રાય મેળવવા જનતા સૂચન પેટી, ખાસ વેબસાઈટ તૈયાર કરવામાં આવ્યા છે. ઉપરાંત ટેલીફોન નંબર-૭૮૭૮૧૮૨૧૮૨ પરથી પણ સૂચનો જણાવી શકાશે.(૨.૧૨)

# વરિષ્ઠ નેતા જયનારાયણ વ્યાસનું ભાજપમાંથી રાજીનામું

## કોંગ્રેસ અથવા આમ આદમી પાર્ટીમાં જોડાઈ જાય તેવી શક્યતા



(એજન્સી સમાચાર)
ગાંધીનગર, તા.૫

ગુજરાતના વરિષ્ઠ નેતાઓ પૈકીના એક, ભાજપના પીઢ નેતા અને પૂર્વ મંત્રી ડો.જયનારાયણ વ્યાસે આજે ભાજપમાંથી રાજીનામું આપી દીધું છે. વિધાનસભાની ચૂંટણીઓ સમયે જ એક પીઢનેતાએ ભાજપનો ત્યાગ કર્યો હોવાથી અનેક રાજકીય તર્ક-વિતર્ક ચાલી રહ્યા છે.

ડો.જયનારાયણ વ્યાસે ગઈકાલે રાત્રે જ ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલને પોતાનો રાજીનામાં પત્ર મોકલી આપ્યો હતો. ભાજપના પ્રદેશ અધ્યક્ષે પણ આજે જાહેર કર્યું હતું કે, એમનું રાજીનામું સ્વીકારી લેવામાં આવ્યું છે. પાટીલે એવી ટકોર કરી હતી કે, ડો.વ્યાસને મંત્રી બનાવવામાં આવ્યા હતા. ત્યારબાદ બબ્બે વખત હારી ગયા છતાં એમને ટિકિટ આપવામાં આવી હતી.

જયનારાયણ વ્યાસે ભાજપના સક્રિય સભ્ય પદેથી અને પ્રાથમિક સભ્ય પદેથી પણ રાજીનામું આપી દીધું છે. તેમણે રાજીનામાં પત્રમાં દર્શાવ્યું છે કે, ૧૯૯૦ થી આજ સુધી ભાજપના કાર્યકર તરીકે મને અનેક મિત્રોનો સાથ સહકાર મળ્યો છે. મારા જાહેર જીવનના ત્રણ દાયકા દરમ્યાન ગુજરાતના હિતમાં અને ભાજપના આદર્શો મુજબ સતત કાર્યરત રહ્યો છું. આજે એ જ સદ્દભાવના અને શુભેચ્છા સાથે પાર્ટીમાંથી વિદાય લઉં છું.

ભાજપ પ્રદેશ વડા પાટીલ પરના પત્રમાં ડો.વ્યાસે જણાવ્યું હતું કે, આપના વડપણ હેઠળ કાર્યરત ભાજપના મારા અનેકવિધ શુભેચ્છકો તેમજ કાર્યકર મિત્રોને તેમના જનહિતના કાર્યો થકી યશ પ્રાપ્ત થાય એવી ભાજપ પરિવારને હાર્દિક શુભકામના આપું છું.

રાજીનામાં બાદ આજે અમદાવાદમાં પત્રકારો સાથે વાતચીત કરતા જયનારાયણ વ્યાસે સંકેત આપ્યો હતો કે, મારી પાસે બે વિકલ્પ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી છે. જાણકાર સુત્રો માને છે કે, જયનારાયણ વ્યાસ કોંગ્રેસમાં જોડાઈ જશે.(૨.૧૨)

# રાજકોટમાં મનપા દ્વારા ખાદ્યપદાર્થોની ગુણવત્તાની અવિરત ચકાસણી

## અલગ- અલગ સ્થળે ચેકિંગ કરી દૂધની બનાવટ, મસાલા, ખાદ્યતેલ સહિત ૧૯ નમુનાનું સ્થળ પર ચેકિંગ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૫

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા શહેરના અલગ-અલગ વિસ્તારોમાં ખાણી-પીણીની દુકાનો પર ગુણવત્તા ચકાસણીની ઝુંબેશ આગળ વધારવામાં આવી હતી. કુલ ૨૦ જેટલા ધંધાર્થીઓને ત્યાં તપાસ કરવામાં આવી હતી. દૂધની બનાવટ, ઠંડાપીણા, મસાલા, બેકરી પ્રોડક્ટ્સ, ખાદ્યતેલો વગેરેના કુલ ૧૯ નમુનાનું સ્થળ પર ચેકિંગ કરવામાં આવ્યું હતું.

જંકશન પ્લોટમાં તપાસ દરમ્યાન સદ્દગુરૂ પ્રોવિઝન સ્ટોરમાંથી એક્સપાઈરી ડેટના ૫૦૦ ગ્રામ મેંદાનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો. જય જલારામ ડેરી, જય ખોડીયાર ફરસાણ, ભગવતી ફરસાણ, જય બાલાજી ચાઈનીઝ એન્ડ પંજાબી, શકિત ડેરી ફાર્મ, સ્વામી નારાયણ ફરસાણ, અશોક બેકરી, ન્યુ આદિનાથ સ્વીટ સેન્ટર વગેરે સ્થળે નમુના લઈને ચેકિંગ કરવામાં આવ્યું હતું. કુલ ૬ જેટલી પેઢીને લાયસન્સ અંગે નોટીસ અપાઈ હતી.

રણુજા મંદિર પાસે નંદનવન ડેરી ફાર્મમાંથી મિક્સ દુધ લુઝ અને રણછોડનગર શેરી નં.૨૬ ન્યુ રામેશ્વર ડેરી ફાર્મમાંથી મિક્સ દૂધ લુઝના બે નમુના લેવામાં આવ્યા હતા.

### રાજકોટઃ ભાજપ છોડી 'આપ'માં જોડાયેલા 'નેતા' નારાજ; રાષ્ટ્રીય નેતા સાથે બંધ બારણે મિટીંગ યોજાઈ; ટૂંક સમયમાં ભાજપમાં જોડાય તેવી ચર્ચા

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

# નરેશ પટેલ અચાનક ચાર્ટર્ડ વિમાનમાં અમદાવાદ પહોંચ્યા

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના નિવાસની બાજુના નિવાસના કાર્યક્રમમાં હાજરી, જો કે શાહ સાથે મુલાકાત થઈ નહીંઃ અનેક રાજકીય તર્ક–વિતર્ક શરૂ

## ખોડલધામના વડાની સાથે રાજકોટ–૭૦ ના દાવેદાર રમેશ ટીલાળા પણ હતા





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૫

ખોડલધામના ચેરમેન નરેશ પટેલ તથા રાજકોટની વિધાનસભા બેઠકના દાવેદાર રમેશ પટેલે એકાએક ચાર્ટર્ડ ફલાઈટમાં અમદાવાદની મુલાકાત લેતા રાજકારણ ગરમાયું છે. ભાજપના સિનિયર નેતા અમીત શાહના નિવાસની નજીક જ તેઓએ એક કાર્યક્રમમાં હાજરી આપી હોવાથી તર્કવિતર્કો થવા લાગ્યા છે.

પાટીદાર નેતા તથા ખોડલધામના ચેરમેન નરેશ પટેલે રાજકારણમાં સક્રીય નહીં થવાનુ અગાઉ જ જાહેર કરી દીધુ હતું છતાં સમાજને રાજકારણમાં પર્યાપ્ત પ્રતિનિધિત્વ મળી રહે તે માટે પ્રયત્નો કરવાનું સ્પષ્ટ કર્યુ હતું. આ સંજોગોમાં વિવિધ રાજકીય પક્ષો પાટીદાર સમાજને વધુ ટિકીટ આપે તે માટે તેઓ પ્રયાસ કરતા હોવાની ચર્ચા છે.

ભાજપમાં ઉમેદવાર પસંદગીની કવાયત ચાલી રહી છે. અમીત શાહ પણ ગુજરાતમાં છે જયારે નરેશ પટેલ એકાએક ચાર્ટર્ડ વિમાનમાં અમદાવાદ પહોંચતા રાજકીય અટકળો શરૂ થઈ હતી. આ તકે રાજકોટ-૭૦ની બેઠકના દાવેદાર રમેશ ટીલાળા પણ સાથે હતા. મહત્વની બાબત એ છે કે અમીત શાહના નિવાસને અડીને આવેલા સ્થળે જ તેઓ પહોંચ્યા હતા. આ મામલે રમેશ ટીલાળાએ વાતચીતમાં એમ કહ્યુ હતું કે ખોડલધામના ટ્રસ્ટી દિનેશભાઈ કુંભાણીએ તુલસી વિવાહનો માટો પ્રસંગ રાખ્યો હતો.

નરેશ પટેલ, હર્ષદ માલાણી વગેરેને ખાસ હાજરી આપવા આગ્રહ હતો. પરંતુ અમે ન જવાના હોવાનું જાણીને તેઓએ ખાનગી વિમાન મોકલ્યુ હતું. ટુ-સીટર વિમાન હોવાથી નરેશ પટેલ તથા પોતે જ જઈ શકયા હતા. યોગાનુયોગ એવો છે કે દિનેશ કુંભાણીનું નિવાસ ગૃહમંત્રી અમીત શાહની એકદમ નજીક છે. અમીત શાહ હાજર હોવા છતાં મળ્યા ન હતા. કારણ કે સામાજીક પ્રસંગે આવ્યા હતા. નરેશ પટેલ અમદાવાદ મુલાકાત માટે ચાર્ટર્ડ ફલાઈટમાં ગયાને પગલે અનેકવિધ રાજકીય અટકળો શરૂ થઈ છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક



સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર ક્લીક કરીને સબસ્ક્રાઈબ કરો

http://www.saurashtrakranti.com/subscribe/

# આજે સાંજ સુધીમાં તમામ ૧૮૨ બેઠક માટે ભાજપની પેનલ તૈયાર

## આવતીકાલે મુખ્યમંત્રીના નિવાસી સ્થાને કોર ગ્રુપની બેઠકઃ સુરત સહિત ૭૭ બેઠકો માટે આજે ઉમેદવારોની પેનલ બનાવવાની ચર્ચા ચાલુ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૫

ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગીમાં હવે આજે ભાજપ આખરી ૭૭ ઉમેદવારોની પસંદગી સાથે તમામ ૧૮૨ નામોની પેનલ બનાવી લેશે અને તા. ૯ તથા ૧૦ દિલ્હીમાં કેન્દ્રીય પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં આ નામોમાંથી આખરી યાદી તૈયાર કરાશે અને આગામી સપ્તાહના અંતમાં પક્ષ દ્વારા તેના ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવશે. ભાજપે પ્રથમ બે દિવસની બેઠકમાં સૌરાષ્ટ્ર-કચ્છ સહિત ૪૭ બેઠકો ગઇકાલે બીજા દિવસે ૫૮ બેઠકો અને આજે ૭૭ બેઠકો પર વિચારણા કરશે.

જેમાં ખાસ કરીને ૨૦૧૭માં ભાજપ માટે ગેરંટી કાર્ડ જેવા સાબિત થયેલા સુરત અને જિલ્લાની બેઠકો માટે તેમજ અમદાવાદની બેઠકો પર વિચારણા કરશે. આજની યાદીમાં ત્રણ મહાનગરોના ઉમેદવારો પસંદ થશે જેમાં વડોદરા શહેર, સુરત અને અમદાવાદનો સમાવેશ થાય છે અને આ ત્રણેય મહાનગર તથા તેની સાથે જોડાયેલા જિલ્લાની કુલ ૪૨ બેઠકો પર આખરી વિચારણા થશે. ૨૦૧૭માં સુરતે ભાજપને આખરી ઘડીએ બચાવી લીધું હતું અને શહેર તથા જિલ્લાની ૧૬માંથી ૧૫ બેઠકો પર ભાજપનો વિજય વાવટો ફરકતા કોંગ્રેસની તે સમયની ૭૭ બેઠકો પર ભાજપની ૯૯ બેઠકો સુધી પહોંચવામાં સફળતા મળી હતી.

સુરત એ ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલનું હોમ ડિસ્ટ્રીકટ છે અને ખાસ કરીને ૨૦૨૧માં મહાનગરપાલિકામાં આમ આદમી પાર્ટીનો ઉદય થયો તે આજે સમગ્ર ગુજરાતમાં ભાજપ માટે કમસેકમ પડકાર બની રહ્યો છે અને તેથી સુરતની બેઠકોની પસંદગીમાં પણ ખાસ કાળજી રખાશે જેમાં સુરત પશ્ચિમના પૂર્ણેશ મોદી અને વરાછામાં પૂર્વ મંત્રી કુમાર કાનાણી એ બંનેને ભાજપ ફરી ટીકીટ આપે છે કે કેમ તેના પર નજર છે. અમદાવાદ અને

(અનુ.પાના નં.૪ ઉપર)

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play — SK NEWS — સૌરાષ્ટ્ર ક્રાંતી NEWS

www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant
SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઈડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૈક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:
90333 44426




આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે
94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

## સ્થાપિત પરંપરાઓથી હટીને તારોહતાજા શુદ્ધ રાજનીતિના અધ્યાયનો ગુજરાતમાં શુભારંભ

# ઈસુદાન ગઢવી એટલે કેજરીવાલનો માસ્ટર સ્ટ્રોકઃ એક બોલમાં બે વિકેટ પાડી દેતા 'આપ' ના ચાણક્ય



### લોકોની નાડ પારખવામાં કાબેલ અરવિંદ કેજરીવાલે ગુજરાતની અવગણિત જ્ઞાતિ-જાતિઓના હૃદય જીતી લેવાનું કમાલ કરી બતાવી

### ગુજરાતના મુખ્યમંત્રી પદના ચહેરા તરીકે ઈસુદાનના નામની ઘોષણા સાથે ઓબીસીની ૧૫૪ જ્ઞાતિના મનમાં ગુજરાતનો નાથ બનવાની આશાના દિવડા ઝળહળી ઉઠ્યા

### વિધાનસભાની આગામી ચૂંટણીઓમાં ઓબીસી સમાજમાં 'આપ'ને અદ્દકેરૂ સ્થાન મળવાની અને ધાર્યા ન હોય તેવા પરિણામો આવવાની શક્યતાઓ નિહાળતા રાજકીય નિષ્ણાંતો

### કોંગ્રેસને એક સમયે અભૂતપૂર્વ રાજકીય સફળતા અપાવનાર 'ખામ' થિયરીને ગુજરાતના રાજકારણમાં પુનઃ જીવંત કરતા દિલ્હીના મુખ્યમંત્રી

### રાજ્યના શકિતશાળી છતાં સૌથી વધુ અવગણના પામેલા ઓબીસી સમાજ માટે તો 'બત્રીસે કોઠે' દીવા પ્રગટવા જેવી અભૂતપૂર્વ ખુશાલીનો માહોલ

### શું કેજરીવાલની રાજકીય સોગઠી ગુજરાતના પરંપરાગત અને સ્થાપિત રાજકારણના અંધકારમાં નવતર અને સર્વગ્રાહી રીતે સ્વીકાર્ય રાજકારણનો સૂર્યોદય કરાવશે?

### રાજકોટમાં ૯ લાખ ઓબીસી મતદાર હોવા છતાં ત્રણેય વિધાનસભા બેઠક પર આજ દિવસ સુધી કોઈ પક્ષે ઓબીસીને કદી ટિકિટ આપી નથીઃ હવે ઓબીસીની અવગણના કરનાર મુખ્ય બંને પક્ષોમાં સર્જાયું ચિંતાનું સુનામી

## ભાજપ રાજકોટ પૂર્વમાં ઓબીસી સમાજમાંથી ટિકિટ નહીં આપે તો રાજકોટની બીજી સીટોમાં ભાજપને નુકશાન થાય તેવું રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે



## કેજરીવાલના ઓબીસી કાર્ડથી ગુજરાતના રાજકારણમાં તરખાટ મચી ગયો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૫

દેશના રાજકારણમાં એકાએક તાજી હવાની લહેરની જેમ ફરી વળેલા અને દાયકાઓથી ચાલી આવતી પરંપરાગત અને સ્થાપિત હિતોની ભરમાર ધરાવતી રાજનીતિને બાજુએ હડસેલી દઈ રાજકારણમાં તરોહતાજા ગુલાબની ખુશ્બુ જેવી નવી રાજનીતિ લઈને આવેલા નવા પક્ષ આમ આદમી પાર્ટીના સ્થાપક, રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ગુજરાતના રાજકારણમાં પણ એક અભૂતપૂર્વ માસ્ટર સ્ટ્રોક લગાવીને નવી અને તરોહતાજા રાજનીતિના અધ્યાયનો શુભારંભ કર્યો છે. રૂઢીવાદી, પરંપરાવાદી રાજકારણથી હટીને કામ કરવા હંમેશા પ્રયત્નશીલ અરવિંદ કેજરીવાલે ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં ઓબીસી કાર્ડ મેદાનમાં ઉતારીને રાજ્યના પરંપરાગત રાજકારણમાં તરખાટ મચાવી દીધો છે. એટલું જ નહીં દાયકાઓથી અવગણના પામતી જાતિ-જ્ઞાતિઓમાં નવી આશાનો સંચાર કરી દીધો છે. આમ આદમી પાર્ટીના નવીન રાજનીતિના ચાણક્ય ગણાતા અરવિંદ કેજરીવાલે ગઈકાલે એક જ ઘોષણા સાથે સમગ્ર ગુજરાતના રાજકારણની દિશા બદલી નાખે એવું હવામાન સર્જી દીધું છે અને એક જ નિર્ણય અને અસાધારણ ફેસલાનો ઝટકો મારીને પોતાની તાકાત પર સત્તાધારી ભાજપ અને કોંગ્રેસ જેવા રાષ્ટ્રીય પક્ષોને પગથી માથા સુધી હચમચાવી નાખ્યા છે. એવો તે કયો ફેસલો છે કે જેનાથી ગુજરાતના રાજકીય રીતે જરીપુરાણા ઢાંચાનો હંમેશ માટે કાયાકલ્પ થઇ શકે છે. કેજરીવાલે એ કરી બતાવ્યું છે કે, જો તમારી છાતી છપ્પન ઇંચની હોય અને તમને ખરેખર સહુનો સાથ જોઈતો હોય તો રાજકીય રીતે સાહસિક ફેસલા કરવામાં એકપલનો પણ વિચાર કરવો જોઈએ નહીં અને કેજરીવાલે શબ્દોથી નહીં કે પ્રવચનોથી નહીં પણ એ નિર્ણય કરીને ગુજરાતની જનતાને તાજી હવા જેવી રાજકીય રાજનીતિનો અને પહેલા વરસાદની માટીની મીઠી સુગંધ જેવી પ્રારંભિક અનુભૂતિ કરાવી છે. એમના ફેસલાથી રાજકીય અને ચૂંટણીલક્ષી સફળતા કેટલી મળશે, અન્ય પક્ષોની શું સ્થિતિ થશે, મતદારો નવા ફેસલા માટે કેવું ઉમળકું બતાવશે એ તમામ સવાલોના જવાબ ૮ મી ડિસેમ્બરે ગુજરાતની જનતા આપી દેશે.

અત્યારે એક વાક્યમાં એટલું કહી શકાય કે, ગુજરાતમાં આમ આદમી પાર્ટીના મુખ્યમંત્રી પદના ચહેરા તરીકે નવયુવાન અને શિક્ષિત એવા ઇસુદાન ગઢવીનું નામ જાહેર કરીને નવતર રાજનીતિના ખેલંદા અરવિંદ કેજરીવાલે એક બોલમાં બે વિકેટ ખેડવી નાખી છે એવું દેખાઈ છે. એમનો આ સાહસિક ફેસલો એ કેટલાક નિરીક્ષકો રાજકીય જુગાર માને છે પરંતુ બહુમતી રાજકીય નિરીક્ષકો, રાજકારણના અભ્યાસુઓ અને નિષ્ણાંતો એક સુરમાં એવું કબુલે છે કે, કેજરીવાલે મુખ્યમંત્રી પદના ચહેરા તરીકે ઓબોસી સમાજને મેદાનમાં લાવીને જે કરી બતાવ્યું છે. તેની ગુજરાતના રાજકારણ પર જબરદસ્ત અસરો થવાની છે કેમકે સમસ્ત રાજ્યનો ઓબીસી સમાજ એટલે કે ૧૫૪ જેટલી ઓબીસી જ્ઞાતિઓ માટે આ જાહેરાત 'બત્રીસે કોઠે' દીવા પ્રગટાવવાનું કામ કરી રહી છે અને કરી ચુકી છે એવું કહીએ તો પણ અતિશયોક્તિ નહીં ગણાય. ઇસુદાન ગઢવીના નામની જાહેરાત કેજરીવાલનો માસ્ટર સ્ટ્રોક હોવાનો આપ ના વિરોધીઓ પણ અંદરખાને સ્વીકારતા થઇ ગયા છે. આ એક જ જોરદાર ફેસલાને પગલે ઓબીસી જ્ઞાતિઓના મનમાં ગુજરાતનો નાથ બનવાની તકના દીપનું પ્રાગટ્ય થઇ ગયું છે. આશાના આ નવા ઉજાસમાં આમ આદમી પાર્ટી ગુજરાતના શક્તિશાળી વર્ગના હૃદયને જીતવામાં સફળ નીવડી છે. એવું કહી શકાય કે ગુજરાતના રાજકારણની દશા અને દિશાને અચાનક નવો વળાંક મળ્યો છે અને નવા યુગની નવતર પણ અત્યંત જરૂરી રાજનીતિનો અકલ્પનીય અધ્યાય શરૂ થઇ ચુક્યો છે.

અરવિંદ કેજરીવાલ લોકોની નાડ પારખવામાં સૌથી વધુ કાબેલ રાજનેતા માનવામાં આવે છે અને એમના વિરોધીઓ પણ એમની એક ક્ષમતાને સ્વીકારે છે. ઓબીસી ચહેરાની આ કરામત કરીને કેજરીવાલે એક કાંકરે અનેક પક્ષીને વીંધી નાખ્યા છે એવું કહી શકાય. એમના ઓબીસી કાર્ડથી ગુજરાતના રાજકારણમાં તરખાટ મચી ગયો એ સ્વાભાવિક છે.

હજુ થોડા સમય પહેલા જ એટલે કે, જે પક્ષને દેશના રાજકારણમાં આવવામાં ગણ્યાગાંઠ્યા વર્ષો થયા હોય તેવા નવાસવા પક્ષની સફળતાનું રહસ્ય શું? એવું ઘણીવાર સામાન્ય જન પૂછતાં હોય છે. દિલ્હીમાં આ પાર્ટીનો જન્મ થયો અને બે ટર્મથી આમ આદમી પાર્ટી દિલ્હીમાં શાસન પર છે. એ પછી કેજરીવાલે એમની સર્વજ્ઞાતિ અને સર્વવર્ગલક્ષી રાજનીતિની નવી પરંપરાને આગળ ધપાવી પંજાબ સર કરી લીધું. એ પછી રાજકીય અભ્યાસુઓ આ પક્ષને ગંભીરતાથી લેવા લાગ્યા છે. એટલે ગુજરાતમાં પણ હજુ એક જ વર્ષ પહેલા પ્રવેશ કરનાર આમ આદમી પાર્ટીનું નામ, તેની વિચારધારા, તેના કાર્યક્રમો વિશે ઘરે-ઘરે ખુબ ઉત્કંઠા અને જીજ્ઞાશા સાથે સંભળાતી ચર્ચાઓ એ હકીકતનો અંગુલી નિર્દેશ કરે છે કે, ગુજરાતમાં આમ આદમી પાર્ટી ટૂંકા અંતરની નહીં પણ લાંબા અંતરની રેસનો ઘોડો જરૂર બની રહેશે. રાજકીય નિરીક્ષકોની આ માન્યતાને કેજરીવાલના ઓબીસી કાર્ડથી વધુ જોર મળ્યું છે અને 'આપ'ની ગુજરાતમાં પ્રગતિ અને નોંધપાત્ર ચૂંટણીલક્ષી સફળતાની શક્યતાઓ નિરીક્ષકોમાં ચર્ચાતી થઇ ગઈ છે. કેજરીવાલની આ બહુમોટી સફળતા કહેવાય.

ગુજરાતમાં કેજરીવાલના ઓબીસી કાર્ડને કારણે અને ચૂંટણીઓ પહેલા જ ઓબીસી ચહેરાને મેદાનમાં ઉતારીને કેજરીવાલે ગુજરાતમાં વારાફરતી સત્તા ભોગવનાર અને દાયકાઓથી વર્ચસ્વ જમાવી રાખનાર ભાજપ અને કોંગ્રેસ જેવા પક્ષોને પણ ભારે મૂંઝવણમાં મૂકી દીધા છે. ભાજપની મૂંઝવણમાં ૭૦ ટકા વધારો થઇ ગયો છે તો કોંગ્રેસની મૂંઝવણમાં ૩૦ ટકા જેવો વધારો થઇ ગયો છે. કેમકે કોંગ્રેસની જ એક અગાઉ સૌથી સફળ ગણાતી 'ખામ' થિયરીની સ્મૃતિને કેજરીવાલે એક ઝાટકે જીવંત કરી દીધી છે. એટલે કોંગ્રેસ રાજકીય મલ્લયુધ્ધમાં પાછળ રહી ગઈ હોય એવું ચિત્ર ઉપસી રહ્યું છે.

ખામ થિયરી એટલે કે, સત્તા પર આવવાની જડીબુટ્ટી એવું મનાતું હતું અને એ માન્યતા કોંગ્રેસને સત્તા પર લાવવામાં સફળ રહી હતી. ખામ થિયરીને કારણે જ ભૂતકાળમાં કોંગ્રેસને ગુજરાતમાં સત્તા મળી હતી અને તેનો એક પછી એક ચૂંટણીમાં પ્રચંડ વિજય થતો રહ્યો હતો. કોઈ અકળ કે નસમજાય એવા કારણોથી કોંગ્રેસે ખામ થિયરી અભેરાઈ પર ચડાવી દીધી અને એ સાથે જ ૯૦ ના દાયકામાં ભાજપની વિજયની હારમાળા શરૂ થઇ ગઈ. જેના પરિણામે કોંગ્રેસ દિવસે- દિવસે નબળી પડતી ગઈ. ગુજરાતની ગાદી હાથમાંથી જતી રહી તેના કારણે જૂથવાદનો લુણો લાગવા માંડ્યો, આંતરિક ખટપટોએ છેક ટોચથી તળિયા સુધી કોંગ્રેસના સંગઠનને વેરવિખેર કરી નાખી પરિણામે જે સમાજ એટલે કે ઓબીસી જ્ઞાતિઓ હતી તે ધીમે ધીમે કોંગ્રેસથી દુર ચાલી ગઈ.

ગુજરાતના રાજકારણમાં એક પ્રકારનો જાણે કે એક ખાલીપો સર્જાયો અને ભારતીય જનતા પાર્ટીએ એ તક ઝડપી દીધી. પરિણામે કોંગ્રેસને એક પછી એક ચૂંટણીઓમાં પરાજય મળતો ગયો, મળતો ગયો અને ભાજપ એટલો મજબુત થતો ગયો કે, ગુજરાતમાં ભાજપ નામનું એક સ્થાપિત હિત ઉભું થઇ ગયું. ભાજપને હવે કોંગ્રેસ હરાવી નહી શકે એવી હવા ઉભી થઇ ગઈ અથવા તો સિફત પૂર્વક ઉભી કરવામાં આવી. ગુજરાતમાં પધ્ધતિસર રાજનીતિ શરુ કરી તેને એક વર્ષ જેવો જ માંડ સમય થયો છે પરંતુ એક વર્ષ જેવા ટૂંકાગાળામાં કેજરીવાલના દિલ્હી અને પંજાબ વિકાસ મોડેલની જેટલી ચર્ચા થવા લાગી એટલી કોઈ પક્ષની થઇ નહીં હોય. આ એક રાજકીય ચમત્કાર જ કહેવાય કે, માત્ર બે પક્ષોથી ટેવાયેલો ગુજરાતની પ્રજાના મિજાજમાં કેજરીવાલનું નામ ઘર કરી ગયું. વિકાસના કેજરીવાલ મોડેલ વિશે લોકો આતુરતાથી જાણવા અને સમજવાની કોશિશો કરવા લાગ્યા. ગુજરાતમાં રાજકીય રીતે અસાધારણ કહેવાય એવી બુલેટ ટ્રેનની ઝડપે આમ આદમી પાર્ટીએ સંગઠન માળખું રચી નાખ્યું. એટલું જ નહીં માત્ર એક વર્ષ જુનો પક્ષ વિચારી પણ ન શકે એ કેજરીવાલે વિચાર્યું અને એટલે થી ન અટકીને એ વિચારને અમલમાં પણ મૂકી દીધો. ગુજરાતમાં વિધાનસભાની તમામ ૧૮૨ બેઠકો પર લડી લેવાનો ફેસલો કરીને કેજરીવાલે રાજકીય નિષ્ણાંતો અને અભ્યાસુઓને પણ આશ્ચર્યચકિત કરી મુક્યા.

આમ આદમી પાર્ટીની વિચારધારા, વિકાસની વાતો લોકોના પ્રાણપ્રશ્નોને હલ કરવાની એમની ક્ષમતા અને કાબેલિયત, પ્રજાને ઓછા ખર્ચે વધુમાં વધુ સુવિધા આપવાની એમની રાજકીય દિલેરી જેવા મુદ્દાઓનું એ પરિણામ રહ્યું કે, આજે વિધાનસભાનો ચૂંટણીજંગ ત્રિ-પાંખિયો બની ગયો છે એવું આપ ના વિરોધીઓ પણ માનતા થઇ ગયા છે.

સત્તાધારી ભાજપ અને કોંગ્રેસ જેવા રાષ્ટ્રીય પક્ષો કરતા પણ વહેલા ઉમેદવારો જાહેર કરવાનું આમ આદમી પાર્ટીએ શરૂ કરી દીધું. બંને મુખ્ય પક્ષો માટે આ પ્રારંભિક આંચકો હતો. કોંગ્રેસની એક અને પહેલી યાદી હજુ ગઈકાલે જાહેર થઇ છે. ભાજપની પહેલી યાદીના પણ હજુ ઠેકાણાં નથી. ત્યાં આમ આદમી પાર્ટીની ઉમેદવારોની ૮ યાદીઓ જાહેર થઇ ચુકી છે અને એમાય બોનસરૂપે મુખ્યમંત્રી પદનો ચહેરો પણ અત્યારથી જાહેર કરીને કેજરીવાલે રાજકીય કમાલ કરી બતાવી છે અને મુખ્ય પક્ષો માટે ગુજરાતમાં અગાઉ કદી જોવા ન મળ્યો હોય એવો પ્રચંડ રાજકીય પડકાર ઉભો કર્યો છે.

અહીં સવાલ આમ જનતાથી માંડીને રાજકીય અભ્યાસુઓ સુધીમાં એવો ચર્ચાય રહ્યો છે કે, ઇસુદાન ગઢવીના નામની જાહેરાતથી અન્ય મુખ્ય શક્તિશાળી પક્ષોમાં ખળભળાટ કેમ મચી ગયો છે? એમના નેતાઓની નીંદર કેમ વેરણ-છેરણ થઇ ગઈ છે? એ સવાલનો પહેલો સીધો અને સાદો જવાબ તો એ ગણી શકાય કે ઇસુદાન ગઢવી ગુજરાતના સૌથી શક્તિશાળી અને છતાં સૌથી વધુ અવગણના પામેલા ઓબીસી સમાજનું પ્રતિનિધિત્વ કરે છે.

## મુખ્યમંત્રી પદનો ઓબીસી ચહેરો આમ આદમી પાર્ટીએ ગુજરાતના રણ મેદાનમાં ઉતારતા જ ભાજપ અને કોંગ્રેસ બંને મુખ્ય પક્ષો ભારે ભીંસમાં

એટલે આમ આદમી પાર્ટીએ એક જ નિર્ણય લઈને ઓબીસીની ૧૫૪ જ્ઞાતિઓના ચહેરા ખુશાલીથી જગમગાવી દીધા છે અને સાથે સાથે મુખ્ય હરીફ પક્ષોના પેટમાં ફાળ પડી ગઈ છે. એમને હવે એવું લાગ્યા માંડ્યું છે કે, આમ આદમી પાર્ટીને હળવાશથી લેવાની ભૂલ કરી નાખી છે જે આવનારી ચૂંટણીઓમાં મોંઘી સાબિત થઇ શકે તેમ છે અને તેની કિંમત પણ ચૂકવવી પડે એવો ડર ભાજપ અને કોંગ્રેસના મનમાં પેસી ગયો છે.

રાજકોટમાં ૯ લાખ જેટલા ઓબીસી મતદાર છે અને વજુભાઈ વાળાના એક અપવાદને બાદ કરતા આ ત્રણેય બેઠકો પર કોઈ મુખ્ય પક્ષોએ આજ દિવસ સુધી એકપણ ઓબીસી ઉમેદવાર ઉભો રાખ્યો નથી. કા તો પાટીદાર ઉમેદવાર હોય છે અથવા તો સવર્ણ જ્ઞાતિનો ઉમેદવાર હોય છે. હવે કેજરીવાલે એક ઝાટકે પરિસ્થિતિમાં બદલાવ લાવવાની દિશા આપી દીધી છે જેના કારણે રાજકીય રીતે ભારે ખળભળાટ મચી ગયો છે. ગુજરાતના મુખ્યમંત્રી પદના ચહેરા તરીકે ઓબીસીના યુવા નેતાને જાહેર કરીને કેજરીવાલે ભાજપ અને કોંગ્રેસ બંનેને એમની રાજકીય વ્યૂહરચનામાં ધરમૂળથી ફેરફાર કરવાની ફરજ પાડી હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. કેમકે હવે રાજકોટ-૬૮ માં ભાજપ અને કોંગ્રેસ ઓબીસી ઉમેદવાર જ મુકે તેવી પ્રબળ સંભાવનાની જોરશોરથી ચર્ચા થઇ છે. અચાનક થયેલા આ પરિવર્તનને કારણે અત્યાર સુધી બે-ચાર હાથવગા હથિયાર મેળવીને વિજય મેળવતા રહેલા બંને પક્ષોના નેતાઓ ભારે ચિંતામાં અને મૂંઝવણમાં મુકાઈ ગયા હોય તેવું બહાર આવી રહ્યું છે. સૌથી વધુ ચિંતા ભાજપને થઇ પડી છે. કોંગ્રેસને પણ મૂંઝવણ તો છે જ પણ તેઓ સત્તા પર અત્યારે નથી એટલે એવું વિચારે છે કે, અમારે બીજું મોટું કઈ ગુમાવવાનું રહેતું નથી. એમની મૂંઝવણ એક જ મુદ્દા પર કેન્દ્રિત છે કે, કેજરીવાલે ખુબ જ સિફત પૂર્વક કોંગ્રેસની જૂની-જાણીતી અને સફળ થયેલી ખામ થિયરી રાજકીય ચાલાકી સાથે કોંગ્રેસ પાસેથી આંચકી લીધી છે અને ગુજરાતના રાજકારણમાં ઓબીસી કાર્ડ ઉતારીને તરખાટ મચાવી દીધો છે. ખામ થિયરીની યાદી જીવંત કરી દીધી છે.

'આપ'ની વિકાસની અને જનતાના સામાન્ય વર્ગને નજરમાં રાખવાની રાજનીતિનું જ એ પરિણામ છે કે, આમ આદમી પાર્ટી આજે બે મહારથી પક્ષોના પ્રચંડ વર્ચસ્વના હવામાનમાં પણ એક શકિતશાળી પરિબળ બનીને ગુજરાતની રાજકીય ક્ષિત જ પર ટૂંકાગાળામાં ઉપસી આવી છે. પ્રમાણિક અને લોકલક્ષી રાજકારણ લોકોના હૃદયને જરૂર આકર્ષે છે. એ હકીક્ત અહીં પુરવાર થઇ રહી છે. લોકો હવે જળ અને જરીપુરાણા પરંપરાવાદી રાજકારણથી થાક્યા છે. એમને પણ હવે કંઇક નવું જોઈએ છે (૨.૧૨)

# તંત્રી સ્થાનેથી... Editorial

## નવા બજેટની તૈયારી...

દેશમાં યોજાય રહેલ ધારાસભા ચૂંટણીની સાથોસાથ કેન્દ્ર સરકાર હવે ૨૦૨૩-૨૪ની બજેટની પણ તૈયારી શરુ કરી છે અને નાણા મંત્રાલય હવે ચાલુ માસના ત્રીજા સપ્તાહથી ઉદ્યોગ, વ્યાપાર, કૃષિ સહિતના ક્ષેત્રોના અગ્રણીઓ સાથે બેઠકોનો દોર શરુ કરશે. સીતારામન દ્વારા આ માટે અલગ અલગ આઠ બેઠકો યોજવા નિર્ણય લેવાયો છે જેમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર તથા પર્યાવરણ, નાણાકીય ક્ષેત્ર, શેરબજાર, સર્વિસ ક્ષેત્ર,સામાજિક ક્ષેત્ર તેમજ કામદાર સંગઠનો અને અર્થશાસ્ત્રીઓ તથા રાજ્યોના નાણામંત્રીઓ સાથે બેઠકો યોજશે. નાણા મંત્રાલયના જણાવ્યા મુજબ નવેમ્બરના અંતથી ડિસેમ્બરના પ્રથમ પખવાડીયા દરમિયાન યોજશે.

આ ઉપરાંત રાજ્યોના નાણામંત્રીઓ સાથેની બેઠક જીએસટી કાઉન્સીલની બેઠક સાથે જ યોજાશે જેનાથી રાજ્યોના નાણામંત્રીઓને વારંવાર દિલ્હીના પ્રવાસની આવશ્યકતા ન રહે. નાણાંમંત્રીએ ચાલુ માસના પ્રારંભથી જ બજેટ તૈયારીઓ શરૂ કરી દીધી છે અને હાલ તમામ વિભાગો પાસેથી તેમના ચાલુ વર્ષના બજેટ અને આગામી વર્ષની આવશ્યકતા આ અંગે એક સર્વગ્રાહી રિપોર્ટ આપવા જણાવાયું છે. ૨૦૨૪ની લોકસભા પૂર્વેનું આ આખરી પૂર્ણ બજેટ હશે અને તા. ૧ ફેબ્રુઆરીના તે રજૂ થશે. ૨૦૨૪માં મે માસમાં લોકસભા ચૂંટણીઓ યોજાવાની હોવાથી તે સમયે ફક્ત લેખાનુદાન જ રજૂ કરવાની પરંપરા છે અને તેથી જ આગામી વર્ષનું બજેટ અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
શ્રદ્ધાંજલિ
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
-:શ્રદ્ધાંજલિની જાહેર ખબરઃ-
ફિક્સ સાઇઝ
(અંદરના પાને)
6 x 2.5: 200 Rs.
+5%GST
ફિક્સ સાઇઝથી વધુ સાઇઝની જાહેરાત આપવા ૬૦રૂ.(Per C.C) ચાર્જ થશે
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

# અનાજનો બગાડ અટકાવવા રાજકોટના બે યુવાનોએ ૩૨૦૦ કિ.મી. બાઇક ચલાવી




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

'અન્ન એ આપણી મૂળભૂત જરૂરિયાતોમાંની એક છે, તેમ છતાં ભારતમાં લગભગ ૨૫ કરોડ લોકો દરરોજ રાત્રે ભૂખ્યા સૂઈ જવા પર મજબૂર છે'-આ અવ્યવસ્થિત હકીકત વિશે જાગૃતિ લાવવા જેથી આવા ભૂખ્યા લોકોને લોકો દ્વારા ટેકો મળી શકે તે ઉદ્દેશ્ય સાથે બાઈકર્સ ફેન કલબના તાહા ફક્કડ અને કૈઝાર જોડિયાવાલાએ જમણ અને ખોરાકનો બગાડ રોકવા અને ભૂખ્યા વ્યક્તિને ખોરાક આપવા અંગે જાગૃતિ ફેલાવવા માટે 'સ્ટોપ ફૂડ વેસ્ટ'ની મુહિમ શરૂ કરી.

આ મિશન 'ઝીરો હંગર ડ્રાઇવ' માટે જાગૃતિ લાવવા માટે તેઓ ૨૩મી ઓક્ટોબરથી રાજકોટ-સ્ટેચ્યુ ઓફ યુનિટી (ગુજરાત) - બુરહાનપુર (મ.પ્ર) - ધુલે (મહારાષ્ટ્ર) - ઔરંગાબાદ - દોંગામ - અહેમદનગર-પુણે - મુંબઈ- નાસિક- સુરત-અમદાવાદ સુધીની ૩૨૦૦ કિલોમીટરની બાઇક રાઇડ પર ગયા હતા અને ૭ દિવસની બાઈક પર મુસાફરી કરી બંને ૩૦મી ઓક્ટોબરે તેઓનું મિશન સફળતાપૂર્વક પૂર્ણ કરી રાજકોટ પરત થયા.

તેઓના આ સફર દરમિયાન તેઓ અનેકો સ્વયંસેવકોને મળ્યા અને 'ઝીરો હંગર ડ્રાઇવ'ના તેઓના વિચાર અને ઝુકાવ વિશે ચર્ચાઓ કરી અને ભૂખ નાબૂદ કરવાની તેઓની પહેલમાં તેમને સાથે જોડાયા.

સામાન્ય રીતે અપને જોઈએ છીએ કે, ઘણી વખત અપના ઘરો, ઓફિસો, પાર્ટીઓ, ઈવેન્ટ્સ, હોટલ અને રેસ્ટોરન્ટમાં વધારાનો રાંધેલ જમણ બચી જાય છે અને આ વધારાનો જમણ જરૂરિયાતમંદોને પહોંચાડી શકાય છે અને ઘણા લોકોનું પેટ ભરી શકે છે અને એક ક્ષણમાં તેઓના જીવનના પલમાં ચમક અને સ્મિત ઉમેરી શકે છે. તેમ યાદીમાં જણાવ્યું હતું.

અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો
મો.9429787729
email:-saurashtrakranti@gmail.com

# જય ઈન્ટરનેશનલ સ્કૂલના ધો.૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે 'કોમર્સ પે ચર્ચા' ભાગ-3 નું આયોજન કરાયું



## વિદ્યાર્થીઓને બજારના ભાવ અને બદલાતા મૂલ્ય વિશે સમજૂતિ આપાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

રાજકોટના જાણીતા જીનિયસ ગ્રુપની જય ઇન્ટરનેશનલ સ્કૂલ દ્વારા તાજેતરમાં ધોરણ ૧૧ અને ૧૨ના વાણિજ્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે 'કોમર્સ પે ચર્ચા' ભાગ-૩ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને વર્તમાન સમયના બજારના ભાવ અને બદલાતા મૂલ્ય વિશે સમજૂતિ આપવા માટે રાજકોટની જાણીતી બાલાજી કંપનીના ડિરેકટર કનુભાઈ વિરાણીને આમંત્રિત કરવામાં આવ્યા હતા.

આ અંગે વધુ માહિતી આપતા જીનિયસ ગ્રુપના ચેરમેન ડી.વી.મહેતા એ કહ્યું કે, વાણિજ્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે બજારની હાલની પરિસ્થિતિ અને માર્કેટની કિંમતમાં થતાં ફેરફારો અને તેના પરિબળો જાણવા ખૂબ જરૂરી છે. કારણકે વાણિજ્યના વિદ્યાર્થીઓ માટે ભવિષ્યમાં કોમર્સને લગતા કોઈપણ ક્ષેત્રમાં તેમનો આ વ્યવહારૂ અભિગમ સફળતા મેળવવા માટે ખૂબ મદદરૂપ સાબિત થઈ શકે છે.

આ કાર્યશાળાના સફળ આયોજન માટે સંસ્થાના ચેરમેન ડી. વી. મહેતા, સીઇઓ ડિમ્પલબેન મહેતા, જય ઈન્ટરનેશનલ સ્કૂલના પ્રિન્સિપાલ જોઈતા રે ચૌધરી અને વાઈસ પ્રિન્સિપાલ ચાર્મી સેદાણીના માર્ગદર્શનમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓએ જહેમત ઉઠાવી હતી.

# પીજીવીસીએલ ઈન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટ

## બીજા દિવસે એક મેચમાં જૂનાગઢ ટીમનો વિજય

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

પીજીવીસીએલ ઇન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૨૨માં માધવરાય સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે બીજા દિવસના રમાયેલ મેચ ભારે રોમાંચક રહ્યા હતા.

પ્રથમ મેચ બોટાદ વર્તુળ તથા અંજાર વર્તુળ વચ્ચે રમાયેલ, જેમાં અંજાર વર્તુળ દ્વારા ૨૦ ઓવરના અંતે આ મેચમાં ૫ વિકેટના ભોગે ૧૭૨ રન કરેલ. જેના જવાબમાં બોટાદ વર્તુળ દ્વારા ૨૦ ઓવરના અંતે ૧૩૬ રન ૮ વિકેટના ભોગે કરેલ, અને અંજાર વર્તુળ ૩૬ રનથી વિજયી થયેલ હતો.

બીજો મેચ જૂનાગઢ વર્તુળ તથા પોરબંદર વર્તુળ વચ્ચે રમાયેલ. જેમાં જૂનાગઢ વર્તુળ પ્રથમ બેટીંગ કરતા ૨૦ ઓવરના અંતે ૧૪૩ રન ૪ વિકેટના ભોગે કરેલ હતા. જેમાં ૨૦ ઓવરના અંતે મેચ ટાઈ થતા, સુપર ઓવર રમાડતા પોરબંદર વર્તુળના ૧૩ રન થયેલ જેની સામે જૂનાગઢ વર્તુળ ૧૭ રન કરી વિજેતા જાહેર થયેલ હતું.

આ ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે મોરબી વર્તુળ કચેરી વતી બી. આર. વડાવિયા, અધિક્ષક ઇજનેર, હિતેન્દ્રસિંહ રાણા, સહાયક સચિવની રાહબરી નીચે કિશોરસિંહ જેઠવા, હિરેનભાઈ ગઢિયા, વિપુલભાઇ બારોટ, રાજેશભાઇ મારુ તથા સમિતિના અન્ય સભ્યો જેહમત ઉઠાવી રહ્યા છે.

# મહંત શ્રી નરેન્દ્રબાપુનું ભાવભેર સન્માન



## ભાગવત સપ્તાહના આયોજનની લોકસંસદ વિચાર મંચ અને નારી સુરક્ષા સમિતિ દ્વારા સરાહના

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

આપાગીગાના ઓટલા દ્વારા સર્વ પિતૃઓના મોક્ષાર્થે આયોજીત શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞના સમાપનના દિવસે મહંત શ્રી નરેન્દ્રબાપુ ગુરૂ શ્રી જીવરાજબાપુનું લોકસંસદ વિચારમંચ, જિલ્લા નારી સુરક્ષા સમિતિ (રાજકોટ) અને યુથ ફોર ડેમોક્રેસીના આગેવાનોમાં પૂર્વ ફૌજી અને સિનિયર સિટીઝન નટુભા ઝાલા (વનાળા) એ ફૂલહાર કરી સાલ ઓઢાડી નરેન્દ્રબાપુનું સન્માન કર્યું હતું.

સંસ્થાના આગેવાનોએ સાત દિવસ સુધી હજારો ભાવિકોને નિઃશુલ્ક મહાપ્રસાદનું ભવ્ય આયોજન અને શહેરમાં ૩૫૧ પરિવારને પાટલાઓ મૂકી ભાગવત કથામાં પિતૃઓના મોક્ષાર્થે કરેલ કાર્યક્રમને સફળ બનાવવા બદલ અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી. જેમાં ગજેન્દ્રસિંહ ઝાલા, એડવોકેટ હિંમતભાઈ લાબડીયા, નટુભા ઝાલા, સામાજિક અગ્રણી પ્રવીણભાઈ લાખાણી, શહેર ભાજપ મહિલા અગ્રણી હિતાક્ષીબેન વડોદરિયા, જિલ્લા નારી સુરક્ષા સમિતિના ઉપપ્રમુખ પારૂલબેન સિદ્ધપુરા, હંસાબેન સાપરિયા, ઉર્મિલાબેન લાબડીયા, સ્વીટીબેન વોરા, એડવોકેટ ભાવનાબેન વાઘેલા, પુનમબેન રાજપૂત, સરલાબેન પાટડીયા સહિતના સંસ્થાના આગેવાનોએ નરેન્દ્રભાઈ સોલંકીની સરાહનીય કામગીરીને બિરદાવી બહુમાન કર્યું હતું.

વાચકોએ નોંધ લેવી
કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.
વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી

# રાજકોટ ક્રાઈમ

## કોઈ કારણસર ઝઘડો કરી યુવાન પર હુમલો

રાજકોટઃ યુનિવર્સિટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ રૈયાધાર રાજકોટના રહીશ હરેશભાઇ લાલજીભાઇ પારીખ (ઉ.વ ૩૨) ગીતાબેનના ઘરે હતા દરમ્યાન સામેવાળા સુનીલભાઇ તથા તેની સાથેના માણસોએ ઝઘડો કરી માર-મારતા હરેશભાઇ લાલજીભાઇ પારીખના શરીરે મુંઢ ઈજાઓ પહોંચતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

## બે યુવક પર છરી વડે હુમલો

રાજકોટઃ કુવાડવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ નવાગામ રાજકોટ શહેરમાં રહેતા અજય વાઘજીભાઇ સેજાસરા (ઉ.વ ૩૩) ઘર પાસે હતા ત્યારે સામેવાળા અજાણ્યા માણસોએ પેલાના મનઃદુખનો ખાર રાખી ઝાઘડો કરી છરી વડે માર-મારતા અજયભાઇ વાઘજીભાઈ સેજાસરાને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અન્ય બનાવમાં મોરબી તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ લીલાપર મોરબી ખાતે રહેતા ગૌતમભાઇ જેન્તીભાઇ મકવાણા સાંજના અરસામાં રકાળેશ્વર ગામે હતા દરમ્યાન ગજાન બારોટ તથા અજાણ્યા સમાધાન કરવા આવેલ લોકોએ ઉશ્કેરાઈ જઈ ઝઘડો કરી છરી વડે માર-મારતા ગૌતમભાઈ મકવાણાને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

## સીટી બસનો ગાડીના ચાલક સાથે અકસ્માત

રાજકોટઃ એ-ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ યાજ્ઞીક રોડ સ્વામી વિવેકાનંદના સ્ટેચ્યુ પાસે ધીરૂભાઇ બચુભાઇ સોલકી (ઉ.વ ૫૫) રહે ગાયકવાડ શેરી-૭ રાજકોટ વાળા રોડ પર વાહન ચલાવી જતા હતા દરમ્યાન સિટી બસના ચાલકે હડફેટે લેતા ધીરૂભાઈ બચુભાઇ સોલંકીને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

## પૈસાની લેતી-દેતી મામલે રાત્રે યુવકનું અપહરણ

રાજકોટઃ જ્યુબેલી રોડ પર મહાત્મા ગાંધી મ્યુઝીયમ સામે રહેતા આશિષ કોટેચા નામના યુવકનું આજે રાત્રે તેના ઘર પાસેથી ચાર શખ્સો કારમાં અપહરણ કરી જતા પોલીસમાં દોડધામ મચી ગઈ હતી. જો કે ગણતરીના સમયમાં જ પોલીસે અપહ્યતને મુક્ત કરાવી ચારેય આરોપીઓને ઝડપી લીધા હતા. પોલીસ સુત્રોએ જણાવ્યું કે, પૈસાની લેતી-દેતીના મામલે અપહરણ કરવામાં આવ્યું હતું. ખરેખર કેટલા રૂપિયાની લેતી-દેતી હતી તે અંગે હજુ તપાસ ચાલુ છે. આરોપીઓને ૧૫૦ ફુટ રીંગ રોડ પરથી ઝડપી લેવાયા છે. મોડી રાત્રે તમામ આરોપીઓની પોલીસે પુછપરછ કરી ગુનો દાખલ કરવા તજવીજ હાથ ધરી હતી.

# મંગળવારે ચંદ્રગ્રહણ

કારતક શુદ પૂનમને મંગળવાર તા.૬ના દિવસે ચંદ્રગ્રહણ છે. આ ગ્રહણ ભારતમાં ગુજરાતમાં દેખાશે આથી ધાર્મિક દ્રષ્ટિએ પાળવાનું રહેશે.

આ ચંદ્રગ્રહણ મેષ રાશીમાં થશે. ચંદ્રગ્રહણનો વેધ મંગળવારે વહેલી સવારે ૫:૩૯થી શરૂ થશે.

જયારે બાળકો, વૃધ્ધો, બીમાર વ્યકિત અને સગર્ભા બહેનો માટે વેધ બોપોરે ૧:૫૭ કલાકથી શરૂ થશે.

ચંદ્રગ્રહણ શરૂ થવાનો સમય બોપોરે ૨:૩૯થી છે. જયારે રાજકોટમાં ચંદ્રગ્રહણ ચંદ્રઉદય થાય ત્યારે શરૂ થશે.

રાજકોટમાં ચંદ્રગ્રહણ સાંજે ૬:૦૪ મિનિટથી શરૂ થશે. ચંદ્રગ્રહણ સાંજે ૬:૧૯ મિનિટે પૂર્ણ થશે.

ચંદ્રગ્રહણ દરમ્યાન જપ કરવા ઉત્તમ છે. કુળદેવીના જપ, ગુરૂમંત્રના જપ, નવગ્રહના જપ, સૂર્ય ચંદ્રગ્રહના જપ કરવા ઉત્તમ છે. ગ્રહણ દરમ્યાન કરેલા જપનું લાખ ગણુફળ પ્રાપ્ત થાય છે. ચંદ્રગ્રહણ પુરૂ થાય એટલે સ્નાન કરવું, ઘર સાફ કરવું તથા ભગવાનને સ્નાન કરાવી આરતી કરવી અને ત્યાર બાદ ભોજન કરવું.

ચંદ્રગ્રહણનું રાશી પ્રમાણે ફળ

અશુભફળઃ મેષ, મકર, કન્યા, વૃષભ રાશીને આ ચંદ્રગ્રહણ અશુભફળ આપશે.

મિશ્રફળઃ સિંહ, તુલા, ધન, મીન રાશીને મિશ્રફળ આપશે.

શુભફળઃ વૃશ્ચિક, કુંભ, મિથુન, કર્ક રાશીને શુભ ફળ આપશે.

ગ્રહણનું શુભ-અશુભ ફળ આશરે ૪૦ દિવસ અથવા ૩ મહિના સુધી મળે છે. દાનઃ ગ્રહણ પૂરું થાય એટલે સ્નાન કરી અને ચોખા ખાંડ સફેદ વસ્ત્ર સફેદ વસ્તુનું દાન દેવું ઉત્તમ ફળ આપનાર છે. ૧૫ દિવસમાં બે ગ્રહણ આવ્યા હોવાથી જયોતિષની દ્રષ્ટિએ શુભ નથી. દુર્ઘટનામાં વધારો થાય, રાજકીય વિગ્રહમાં વધારો થાય, મોંઘવારીમાં વધારો થાય, લોકોમાં માનસિક ટેન્શન વધે.

ગ્રહણની અશુભ અસરથી બચવા માટે ગ્રહણ દરમ્યાન જપ કરવા ઉત્તમ રહેશે અને શુભ ફળ મળશે.



શાસ્ત્રી રાજદીપ જોષી (વૈદાંતરત્ન)

### સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનનો સર્વે

# ૧૬થી ૧૮ વર્ષના ૨૭% તરૂણ, ૩૨% તરૂણી મોબાઈલ એડિક્સનનો શિકાર

## ૪૪૧૦ વિદ્યાર્થીઓનો સર્વે કરાયો-વાંચેલું યાદ ન રહેવું, પરીક્ષાનો ભય, નકારાત્મક વિચારો જેવી સમસ્યાઓ



સાયકોલોજી ડિપ્લોમાના વિદ્યાર્થીઓના સર્વેના ચોંકાવનારા તારણો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

તરૂણાવસ્થા એવી અવસ્થા છે જેમાં યોગ્ય દિશા અને સલાહ ન મળી રહે તો ઘણી સમસ્યાઓ સર્જાય છે. આ એવો સમય છે જેમાં શારીરિક, માનસિક ઘણા પરિવર્તન આવે છે અને આ પરિવર્તન સાથે તાલમેલ ન મળે તો વિવિધ પ્રકારની સમસ્યાઓનો ભોગ બનવું પડે છે.

યોગ્ય સલાહ ત્યારે આપી શકાય જ્યારે સમસ્યા યોગ્ય રીતે જાણી શકાય. આ સંદર્ભે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનના ડિપ્લોમાના વિદ્યાર્થીઓએ ભવન અધ્યક્ષ ડો. જોગસણ અને અધ્યાપક ડો. દોશીના માર્ગદર્શનમાં ૪૪૧૦ તરૂણો પાસેથી માહિતી એકત્ર કરી. આ માહિતીમાં કેટલાક ચોંકાવનારા તારણો બહાર આવ્યા છે જેમાં ૧૩થી ૧૫ વર્ષના ૮.૧૪% છોકરા અને ૧૨% છોકરીઓ તેમજ ૧૬થી ૧૮ વર્ષના ૨૭% તરૂણ અને ૩૨% તરૂણીઓ મોબાઈલના બંધાણી છે. આ ઉપરાંત બાળકોમાં હજુ પણ વાંચેલું યાદ ન રહેવું, પરીક્ષાનો ભય, નકારાત્કામ વિચારો, આત્મવિશ્વાસનો અભાવ જેવી સમસ્યાઓ જોવા મળી રહી છે.

બાળકોને સમજાવો કે તેમની પોતાની ઇચ્છા, વિચારસરણી અને તેમના નિર્ણયો કેટલા મહત્વપૂર્ણ છે. દરેક વસ્તુ, દરેક સમસ્યા શેર કરો. માતા-પિતાએ તેની સાથે બેસીને તેના પ્રશ્નોના તાર્કિક જવાબ આપવા જોઈએ. તેમના પ્રશ્નોને હવામાં ઉડાડશો નહીં, હસશો નહીં, જોક્સ કરશો નહીં. નહિંતર તેઓ તમારી સાથે કંઈપણ શેર કરશે નહીં.

- ડો. યોગેશ જોગસણ, મનોવૈજ્ઞાનિક નિષ્ણાંત.

### ૧૬થી ૧૮ વર્ષ (તરૂણી) - ૩૨% મોબાઇલ એડિક્સનથી પીડાય છે

૧૦%ને યાદ રહેતું નથી,૧૪%ને નકારાત્મક વિચાર આવે છે, ૩૨%ને મોબાઇલ એડિક્સન છે, ૧૦%ને ભવિષ્ય વિશે ચિંતા છે, ૧૫%ને પ્રેમ અને અંગત સબંધમાં નિષ્ફળતા, ૧૦%ને કોઈ જાતીય રીતે પરેશાન કરશે તો એવો ડર, અન્ય સમસ્યાઓ જેમાં ગભરામણ થવી, ફેમિલી પ્રોબ્લેમ, રાત્રે ડર લાગવો, શિક્ષક પર ગુસ્સો, અન્ય વ્યકિત સાથે વાત કરવાની બીક, સ્કૂલ જવું ના ગમવું જેવી સમસ્યાઓ હતી.

### ૧૬ થી ૧૮ વર્ષ (તરૂણ) - ૧૫% વિદ્યાર્થીઓને પરીક્ષાનો ભય છે

૧૮%ને વાંચેલું યાદ રાખવામા મુશ્કેલી પડે છે, ૧૫%ને પરીક્ષાનો ભય લાગે છે, ૨૭%ને મોબાઈલ એડિકસન છે, ૧૪%ને આત્મવિશ્વાસની કમી છે, ૧૫%માં એકાગ્રતાનો અભાવ, ૧૧%ને નકારાત્મક વિચાર આ સિવાય બીજી કેટલીક નાની મોટી સમસ્યાઓઓ જણાઈ હતી જેમકે ભવિષ્ય અને કરિયર વિશેની ચિંતા, સામાજિક સમસ્યાઓ, સબંધોમાં નિષ્ફળતા, કૌટુંબિક પ્રશ્નો, આર્થિક પ્રશ્નો વગેરે સમસ્યાઓ હતી.

# આપ લોકોને મૂર્ખ બનાવે છેઃ ઈન્દ્રનિલ રાજ્યગુરૂ



## જગદીશ ઠાકોરે ખેસ પહેરાવી ઈન્દ્રનીલનું સ્વાગત કર્યુ,

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૫

હજુ તો ગુજરાતમાં આમ આદમી પાર્ટીએ પોતાનો પગદંડો જમાવ્યો નથી ત્યાં જ પાર્ટીમાં ભડકો શરૂ થઈ ગયો છે. સૌરાષ્ટ્રમાં 'આપ'નો જેની પર મોટો મદાર હતો તે ઈન્દ્રનીલ રાજ્યગુરૂ છેડો ફાડીને કોંગ્રેસમાં પરત આવી ગયા છે. એટલું જ નહીં, 'આપ'ને અવસરવાદી અને ભાજપની બી ટીમ ગણાવતા ઈન્દ્રનીલે એવો પણ આક્ષેપ કર્યો હતો કે, પાર્ટીમાં કોઈનું સાંભળવામાં આવતું નથી. ઈન્દ્રનીલ રાજ્યગુરૂએ મીડિયાને જણાવ્યું કે, મારા પિતાના સમયથી કોંગ્રેસમાં રહ્યો છું. કોંગ્રેસ છોડવા પર પરિવાર સહમત નહોતો. હું આપમાં એટલે ગયો કે ભાજપ દેશ માટે ખરાબ પાર્ટી છે અને તેને ગુજરાતમાં હરાવવી જરૂરી છે તેથી મેં આપ જોઈન કરી કદાચ ત્યાંથી હરાવી શકું પણ આપની જે રીતની ફંક્શનિંગ જોઈ જેમ ભાજપ લોકોને મૂર્ખ બનાવે તેમ આમ આદમી પાર્ટી પણ લોકોને મૂર્ખ બનાવવાનો પ્રયાસ કરે છે.

કોંગ્રેસમાં આવું ક્યારેય નહોતું થતું અને તે મને સારૂ લાગે છે એટલે હું ફરીથી અહીં આવ્યો છું. આમ આદમી પાર્ટી લોકોને મૂર્ખ બનાવીને ન માત્ર સત્તામાં આવવા માંગે છે પણ ભાજપમાં સત્તામાં રહે તે માટે બી ટીમ તરીકે કામ કરે છે. તેથી હું મારા પોતાના ઘરે આવી ગયો છું અને મને સારૂ લાગી રહ્યું છે. ગુજરાતની પ્રજા જાણે છે કે હું જો કોઈનો ખેસ પહેરું તો તે પંજો જ હતો. ભાજપની અનેક ઈચ્છા છતાં તેમાં ક્યારેય ગયો નથી અને એ બાજુ વળીને જોયું પણ નથી. ભાજપ દેશ માટે ખુબ નબળી પાર્ટી છે, સત્તા માટે કોઈ પણ નબળું કામ કરે છે. કોંગ્રેસ હંમેશા દેશને આગળ રાખે છે પાર્ટીને પાછળ રાખે છે. આમ આદમી પાર્ટી દેશ અને રાજ્યને પાછળ રાખે છે અને પોતાની સત્તાને આગળ રાખવાની ભાજપ જેવી જ તેમની માનસિકતા છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, જે રીતે આમ આદમી પાર્ટી નિર્ણયો કરી રહી છે, સંગઠનમાં ફેરફાર કરી રહી છે અને ટિકિટોની ફાળવણી કરી રહી છે એ જોતા ક્યાંકને ક્યાંક એવું લાગે છે કે આમ આદમી પાર્ટી જુદી દિશામાં જઈ રહી છે. એવી કોઈ વ્યવસ્થા જ નથી કે અરવિંદ કેજરીવાલને મળી શકાય. આમ આદમી પાર્ટી દ્વારા ગુજરાત રાજ્યના પ્રભારી તરીકે ડો.સંદીપ પાઠકની વરણી કરવામાં આવી છે. હવે સ્થિતિ એવી બની ગઈ છે કે અરવિંદ કેજરીવાલ એક બાજુ છે અને ડો.સંદીપ પાઠક બીજી બાજુ છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે,બંનેનો સંપર્ક કરવા માટે મેં અનેક પ્રયત્ન કર્યા પરંતુ તે લોકો મારી સાથે વાત પણ કરવા નથી માંગતા કદાચ મારી વાતો તેમને કડવી લાગતી હશે. માત્ર એક જ વાર હું ડો.સંદીપ પાઠકને મળ્યો હતો. આમ આદમી પાર્ટીની નીતિ અવસરવાદી છે. નવા નેતાઓ આવતા તે જૂના નેતાઓને સાઈડ લાઈન કરે છે. અવસરવાદી નીતિમાં મારા જેવા નેતાઓ ક્યારેય ગોઠવાઈ શકે નહીં.

ઈન્દ્રનીલ રાજ્યગુરૂએ ઘરવાપસી કરતા કોંગ્રેસમાં અંદર ખાનેજ જુના કાર્યકર્તાઓ અને નેતાઓમાં એક જવાળા ઉભી થઇ છે કે પ્રશ્ન કરી રહ્યા છે કે, રાજ્યગુરૂને કોના વફાદાર ગણવા 'આપ'ના કે 'કોંગ્રેસ'ના. અંદરો અંદરનો અગ્નિ કોંગ્રેસને દઝાડશે કે ઉગારશે તે આગામી સમય જ નક્કી કરશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે,જે પ્રકારે પાર્ટીએ લોકમાનસમાં પોતાનું પ્રતિનિધિત્વ ફેલાવ્યું છે. તેના કારણે પાર્ટી પાસે જીત મેળવવાની ઉજળી તકો છે પરંતુ રાજકારણએ ખૂબ જ ગંભીર વિષય છે. તેમાં દરેક પાસાઓને ધ્યાનમાં રાખવાના હોય છે. ગુજરાતની જનતા ખૂબ જ સંવેદનશીલ છે.

## ઈન્દ્રનીલ ઘણા સમયથી પ્રદેશ નેતાગીરીથી નારાજ હતા

નોંધનીય છે કે, અચાનક આપમાં જોડાઇ સમગ્ર સૌરાષ્ટ્રને ગુજરાતના રાજકારણમાં મોટા વમળો સજનાર રાજકોટના પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજગુરૂ તેટલી જ ઝડપથી કોંગ્રેસમાં પરત આવી ગયા છે. તેઓ આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતાગીરી દ્વારા પોતાની સતત અવગણનાથી ભારે નારાજ હતા. એકાદ મહિનાથી રાજ્યુગુરૂની અવગણના શરૂ થઇ હતી જે માટે પ્રદેશકક્ષાના ૪ નેતાઓ તરફ અંગુલી નિર્દેશ થઇ રહ્યો છે. આ ચાર નેતાઓ સતત ઉપરવાળાને રાજી રાખવામાં મશગુલ હોવાનું પણ ચર્ચામાં છે.

## ઈન્દ્રનીલ રાજ્યગુરૂએ મુખ્યમંત્રી પદનો ચહેરો બનવું હતું, પાર્ટી પર દબાણ કરી ૧૫ ટિકિટ માંગી હતીઃ ઇટાલીયાનો આક્ષેપ



આ અંગે આમ આદમી પાર્ટીમાં ગુજરાત પ્રદેશ પ્રમુખ ગોપાલ ઇટાલીયાએ મીડિયાને જણાવ્યું હતું કે, ઇન્દ્રનીલ રાજ્યગુરૂ દ્વારા છેલ્લા ઘણા સમયથી આમ આદમી પાર્ટી પર એવું દબાણ લાવવામાં આવતું હતું કે, તેમને ગુજરાતના મુખ્યમંત્રી પદ માટેના ચહેરા તરીકે જાહેર કરવામાં આવે આ ઉપરાંત તેમણે પાર્ટી પર ૧૫ ટિકિટ તેમને ફાળવવામાં આવે એવું દબાણ પણ કર્યું હતું. પરંતુ આમ આદમી પાર્ટી દ્વારા એવા જ નેતાનું ચયન કરવામાં આવ્યું. જેને ગુજરાતની પ્રજા સીએમ બનાવવા ઇચ્છતી હોય અને ગુજરાત ઈસુદાન ગઢવીને સીએમ બનાવવા માંગે છે એટલે તેમને આમ આદમી પાર્ટીના સીએમ પદના ચહેરા તરીકે જાહેર કરવામાં આવ્યા છે. પરંતુ એ વાત ઇન્દ્રનીલભાઈને ન ગમે એ માટે આજે તેમણે કોંગ્રેસ જોઈન કરી લીધી ત્યારે હું ઇન્દ્રનીલભાઈને શુભકામના પાઠવું છું અને એમને વિનંતી કરું છું કે તેઓ કોંગ્રેસ સમક્ષ સીએમ બનવાની તેમની ઈચ્છાને રજૂ કરે.

## હું 'આપ'માંથી જ ચૂંટણી લડીશઃ વશરામ સાગઠિયા



રાજકોટઃ આમ આદમી પાર્ટી રાજકોટ ગ્રામ્યના ઉમેદવાર વશરામ સાગઠિયાએ જણાવ્યું હતું કે, હું આમ આદમી પાર્ટીમાં જ છું અને ચૂંટણી લડીશ. ઇન્દ્રનીલ રાજગુરૂની સાથે કોંગ્રેસમાં ઘરવાપસી નહીં કરું. ઉલ્લેખનીય છે કે, વશરામ સાગઠિયા ઇન્દ્રનીલ રાજગુરૂના સૌથી નિકટના સાથી છે.

# હત્યાના પ્રયાસના ગુન્હામાં આરોપી જામીન મુક્ત



એડવોકેટઃ રઘુવીર બસીયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૫

કાલાવડ રોડ ઉપર શ્રીજી પાન એન્ડ કોલ્ડ્રીંકસની દુકાને ગત તા.૨૦-૬-૨૦૨૨ ના રાત્રીના અરસામા દુકાનના માલીક દિલીપસિંહ કાળુભા સોલંકી દુકાન બંધ કરવાની તૈયારી કરતા હતા તે વખતે વિશાલ ઉર્ફે ભરત દિનેશભાઇ વાઢેર, કુલદિપ કરશનભાઇ વાઢેર, બિપીન ઉર્ફે ગટ્ટો જેન્તીભાઇ વાઢેર અને અન્ય ઇસમોએ આવી અને ફાકી અને સિગારેટની માંગણી કરેલ.જેથી દુકાનના માલીક દિલીપસિંહે અગાઉ બાકી રાખેલા નાણાની માંગણી કરતા આ તમામ ઇસમો ઉશ્કેરાઇ ગયેલ અને ફરિયાદી ઉપર છરી, ધોકા વડે હુમલો કરેલ અને ગદડા પાટાનો બેફામ માર મારેલ. ફરિયાદીએ દુકાનનું શટર અંદરથી બંધ કરી દેતા આરોપીઓએ શટર ખોલાવી દુકાનમા ઘુસીને ફરિયાદીને માર મારી ગંભીર ઇજા પહોચાડી હત્યાનો પ્રયાસ કરેલ.

જે અંગેની ફરિયાદ તાલુકા પોલીસ સ્ટેશનમા જાહેર થયેલ. ત્યારબાદ આ કામના આરોપી વિશાલ ઉર્ફે ભરત દિનેશભાઇ વાઢેરે કોટેમાં સરેન્ડર કરતા પોલીસે તેની ધરપકડ કરેલ હતી. જે કેસ કોર્ટમાં ચાલતા આરોપીના વકીલે કરેલ દલીલોને કોર્ટે ગ્રાહ્ય રાખેલ. સુપ્રિમ કોર્ટ તથા હાઇકોર્ટના ચુકાદાઓમા જણાવેલ માર્ગદર્શક સિદ્ધાંતોને ધ્યાને લઇ બન્ને આરોપીઓને સેસન્સ કોર્ટે જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરેલ. આ કેસમાં આરોપી વિશાલ ઉર્ફે ભરત દિનેશભાઇ વાઢેર વતી એડવોકેટ તરીકે રઘુવીર આર.બસીયા રોકાયેલ હતા.

## બળજબરીથી પૈસા કઢાવતા ફરિયાદીએ દવા પી લીધાના કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૫

ફરિયાદી પરેશ શાંતિલાલ લીંબાસીયાએ રાજકોટ માલવીયાનગરમાં આ કેસના આરોપી કમલેશ ઉર્ફે હકાભાઈ સગપરીયા વિરૂધ્ધ વ્યાજે લીધેલા પૈસા ચુકવી આપેલ હોય તેમ છતા રકમની માંગણી કરી ધાક, ધમકી આપેલ જેથી ફરીયાદીએ ઝેરી દવા પીધેલ અને તેને હોસ્પીટલ મા દાખલ કરેલ અને ત્યા ફરીયાદ કરેલ.

ફરિયાદ બાદ આરોપીની ધરપકડ કર્યા બાદ જામીન ઉપર મુકત થયા બાદ માલવીયાનગરના તપાસ અધિકારીએ તપાસ પુર્ણ થતા કોર્ટ માં ચાર્જશીટ મુકેલ હતુ જે કેસ ચાલતા આરોપીના વકિલ દ્વારા દલીલ વખતે હાઈકોર્ટ તેમજ સુપ્રીમ કોર્ટના જજમેન્ટો રજુ કરેલ હતા તેમજ સમગ્ર કેસ ની હકીકત ધ્યાને લઈ જજ બ્રહમભટ્ટે આરોપીને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરેલ હતો. ઉપરોકત કેસમાં આરોપી વતી રાજકોટના વકીલ યોગેશ ઉદાણી, દેવાંગી ઉદાણી, સોનલ ઉદાણી, કિશન વાગડીયા રોકાયેલા હતા.

# દર્દીએ લીધેલ મેડીકલ સારવારમાં વિમા કંપની વળતર ચૂકવવા બંધાયેલ નથીઃ જીલ્લા ગ્રાહક આયોગ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૫

મનીપાલ સિગ્ના હેલ્થ ઈન્સ્યોરન્સ કાં. લી., સામે રાજકોટ જીલ્લા આયોગમાં ગ્રાહકને આપવામાં આવતી સેવામાં ઉણપ સબંધે તેમજ મેડીકલેઈમની રકમ ખોટી રીતે નામંજુર કરી સેવામાં બેદરકારી દાખવેલ હોય તે સબંધેની ફરિયાદ દાખલ થયેલ, જે ફરિયાદ વિમાપોલીસીની શરતો મુજબ ફરિયાદીને વળતર ચૂકવવા માટે વિમાકંપની બંધાયેલ ન હોય તેવો હુકમ કરતી જીલ્લા ગ્રાહક આયોગ.



એડવોકેટઃ નિકુંજ શુકલ

આ કેસની હકીકત એવી છે કે, ફરિયાદી મનિષભાઈ રતિલાલભાઈ રાજપરાએ રહે. રાજકોટવાળાએ મનીપાલ સિગ્ના હેલ્થ ઈન્શ્યોરન્સ કાં. લી. પાસેથી તેમની તથા તેમના પરીવાર માટે વિમાપોલીસી ખરીદ કરેલ હતી. ફરિયાદીની પુત્રીને પેટનો દુખાવો, તાવ ચડઉતર થતો હોય અને ઉલટી થતી હોય જે માટે CIGIS ગેસ્ટ્રોલોજીકલ સેન્ટર ખાતેના ડોકટરને બતાવતા તેઓ દ્વારા ડાયગ્નોસીસ તથા લેબોરેટરી રીપોર્ટનાં આધારે પિતાશય થયા હોવાનું નિદાન કરવામાં આવેલ હતુ અને તે સબંધે જરૂરી ઓપરેશન કરવામાં આવેલ જે પેટે ફરિયાદીને રૂા. ૧,૦૦,૦૦૦ નો ખર્ચ થયેલો. જે સબંધી તમામ બીલો, મેડીકલ ટ્રીટમેન્ટનાં પેપર્સ, વિમા સર્ટીફિકેટ તથા કલેઈમ ફોર્મ સહિતનાં જરૂરી દસ્તાવેજો વિમાકંપની સમક્ષ રજુ કરેલ. જે મેડીકલેઈમ વિમાકંપની દ્વારા નામંજુર કરવામાં આવેલો કલેમઈ નામંજુર થતાં ફરિયાદી દ્વારા રાજકોટ જીલ્લા ગ્રાહક કમિશન સમક્ષ ફરિયાદ દાખલ કરતા નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ હતી. સામાવાળા વિમાકંપનીને નોટીસ બજતાં તેમનાં વતી એડવોકેટ નિકુંજ શકલા ગ્રાહક આયોગ સમક્ષ હાજર થયેલા બન્ને પક્ષકારોની વિસ્તૃત દલીલ સાંભળ્યા બાદ તેમજ પક્ષકારો દ્વારા રજુ કરવામાં આવેલ જરૂરી દસ્તાવેજો તથા પુરાવાનાં સોગંદનામા સહિતનાં તમામ દસ્તાવેજોનો તલસ્પર્શી અભ્યાસ કરી જીલ્લા ગ્રાહક આયોગનાં પ્રમુખ કે.એમ. દવે, મેમ્બર પી.એમ. પરીખ, મેમ્બર ટી.જે. સાંકલા એવા નિષ્કર્ષ પર આવેલ હતા કે સામાવાળા દ્વારા નામંજુર કરવામાં આવેલ કલેઈમ અયોગ્ય અને અન્યાયી હોવાનું ફરિયાદપક્ષ સાબિત કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય સામાવાળાઓએ સેવામાં ખામી સર્જેલ ન હોય તેવુ ઠરાવી ફરિયાદીની ફરિયાદ ગુણદોષ ઉપર નામંજુર કરવામાં આવેલ હતી.આ કામમાં મનીપાલ સિગ્ના હેલ્થ ઈન્સ્યોરન્સ કાું. લી. વતી એડવોકેટ નિકુંજ શુકલ રોકાયેલ હતા.


## સમગ્ર ગુજરાતનું ગૌરવઃ ઈસુદાનભાઈ ગઢવી



ખેડૂત નેતા અને 'આપ' નેશનલ જોઈન્ટ જનરલ સેક્રેટરી શ્રી ઈસુદાન ગઢવીને આમ આદમી પાર્ટી તરફથી મુખ્યમંત્રી પદના ઉમેદવાર બનવા બદલ ચારણત્વ બ્લોગ વતી ખૂબ ખૂબ અભિનંદન સહ ખૂબ ખૂબ શુભેચ્છાઓ...

-ઃશુભેચ્છકઃ-
મનુદાન ગઢવી (મહુવા)


## 'સૌરાષ્ટ્ર ક્રાંતી'ના ક્રાઈમ રિપોર્ટર પરાગ આહિરનો આજે જન્મદિવસ



રાજકોટઃ રાજકોટના પત્રકાર પરાગ આહિરનો આજે જન્મદિવસ છે. તેઓ હાલ 'સૌરાષ્ટ્ર ક્રાંતી' ન્યૂઝ પેપરમાં ક્રાઈમ અને કોર્પોરેશનનું ફિલ્ડ સંભાળી રહ્યા છે. છેલ્લા પાંચ વર્ષથી મીડિયા ફિલ્ડ સાથે સંકળાયેલા છે. તેઓએ 'સૌરાષ્ટ્ર ક્રાંતી'થી પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. તેઓ હાલ પેજ સેટઅપ, સોશિયલ મીડિયા, ન્યૂઝ પેપરનું માર્કેટિંગ તેમજ 'સૌરાષ્ટ્ર ક્રાંતી' કાર્યાલયમાં મેનેજર તરીકેની જવાબદારી સંભાળી રહ્યા છે. 'સૌરાષ્ટ્ર ક્રાંતી' સાંધ્ય દૈનિકના પાયાના પત્થર તરીકે ઓળખાતા પરાગ આહીરે રાત દિવસ મહેનત કરીને ન્યૂઝ પેપરને આકાશની બુલંદી સુધી પહોંચાડ્યું છે. નાની ઉંમરમાં જ પત્રકારત્વ જગતમાં પ્રવેશી પોતાની આગવી શૈલીથી યુવાનોને પ્રેરણા આપી રહ્યા છે. પરાગ આહીર ક્રાઈમ રિપોર્ટીંગ ક્ષેત્રે એક આગવું નામ ધરાવે છે. વાંચન, ક્રિકેટ અને હંમેશા જીવનમાં કંઈક નવું શીખવા માટે તૈયાર રહે છે. ક્રાઈમ ફિલ્ડ હોય કે કોર્પોરેશન પોતાની આગવી સૂઝબૂઝ અને લખાણ શૈલીથી લોકોને ગળે ઉતરી જાય તેવી ભાષા વાપરીને સમાચાર લોકો સમક્ષ પીરસે છે. તેમના જન્મદિન નિમિત્તે મિત્ર વર્તુળ તરફથી (મો.નં. ૯૪૦૯૭ ૫૭૦૬૨) ઉપર શુભેચ્છા મળી રહી છે.

## ૪ લોકોનો આપઘાતનો પ્રયાસ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૫

શાપર-વેરાવળ રાજકોટ રહેવાસી જગદીશભાઇ વીરજીભાઇ સારીખડા (ઉ.વ ૨૨) ઘરે કોઇ કારણોસર ફીનાઇલ પી લેતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અન્ય બનાવમાં આજીડેમ પોલીસ સ્ટેશન વીસ્તારમાં આવેલ કાળીપાટ રાજકોટ રહીશ ઇશ્વરભાઈ વાલજીભાઇ પરમાર (ઉ.વ ૨૫) ઘરે ગળાફાંસો ખાઇ લેતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા અન્ય બનાવમાં ભકતીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ રાધાકિષ્ણનગર જંગલેશ્વર રાજકોટ વાળા વિપુલભાઇ વિઠલભાઇ જાપડીયા ઘરે મોડા આવતા માતાએ ઠપકો આપતા વાસણ ધોવાનું લિકવીડ પી લેતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

અન્ય બનાવમાં માલવીયા નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ નવલનગર-૪ મવડી મેઈન રોડ રાજકોટના રહીશ વિનયભાઇ ધનશ્યામભાઇ પીપળીયા પોતાના ઘરે હતા દરમ્યાન ભુલથી ઘઉંમાં નાખવાના ટીકડા ખાઇ જતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## આજે સાંજ સુધીમાં તમામ ૧૮૨ બેઠક માટે ભાજપની પેનલ તૈયાર

વડોદરામાં ભાજપની તમામ ૧૬ બેઠકોમાં ક્લીનસ્વીપ કરે તેવી સ્થિતિ છે.પરંતુ વડોદરામાં પણ પૂર્વ મંત્રી યોગેશ પટેલ અને વર્તમાન મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી એ બંનેને પક્ષ ફરી રિપીટ કરશે કે કેમ તે પણ પ્રશ્ન છે.

સૌરાષ્ટ્રમાં જોઇએ તો બે મહત્વના જિલ્લા ગીર સોમનાથ અને જૂનાગઢએ ૨૦૧૭માં ભાજપ માટે ચિંતા બની ગયા હતા. ગીરસોમનાથની તમામ ચાર બેઠકો પર ભાજપને પરાજય સહન કરવો પડ્યો જ્યારે જુનાગઢ જિલ્લામાં પાંચ બેઠકોમાં ભાજપે એક માત્ર કેશોદ બેઠકજીતી હતી બાદમાં માણાવદરના કોંગ્રેસના જવાહર ચાવડાને પક્ષાંતર કરીને મંત્રી બનાવાયા હતા. જ્યારે વિસાવદર બેઠકમાં હાલમાં જ કોંગ્રેસના ધારાસભ્ય હર્ષદ રીબડીયાએ રાજીનામુ આપીને ભાજપમાં જોડાવાની જાહેરાત કરી છે અને તેમની ટીકીટ પાક્કી માનવામાં આવે છે.

આ ઉપરાંત કચ્છની બેઠક પર પણ નિર્ણય લેવાશે અને આ સાથે ગાંધીનગરના કમલમમાં ઉમેદવારોની પેનલ બનાવવાની પ્રથમ કામગીરી પૂરી થશે બાદમાં વિક એન્ડમાં મુખ્યમંત્રીના બંગલે ભાજપની કોર ગ્રુપની બેઠક મળશે અને તેમાં પેનલ પર ફરી એક વખત વિચારણા થયા બાદ તા.૯ના રોજ દિલ્હીમાં સતત બે દિવસ સુધી વિચારણા કરીને ગુજરાતની યાદી જાહેર કરાશે.(૯)

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## રાજકોટઃ શેરબજારમાં હારેલા કરોડોની ઉઘરાણીમાં વેપારીનું અપહરણ

સિનર્જી હોસ્પીટલ પાસે આવ્યા આસ્થા એવન્યુ પાર્કમાં આવેલ મકાનમાં લઈ ગયા હતા.

જ્યાં ગીરીરાજસિંહને ગાડીમાંથી ઉતારી દીધેલ અને મને મકાન અંદર લઇ ગયેલ જ્યાં આ યુવરાજસિંહે મને તેમની પાસેની છરી બતાવી કહ્યું કે તારે અમારા પૈસા દેવાના છે કે નહી નહીતર તને જીવતો અહીથી જવા નહી દઈયે તેમ કહી આ તમામ લોકો મને જેમ ફાવે તેમ ગાળો આપી શરીરે ઢીકા પાટુનો માર મારવા લાગ્યા અને આ દિવ્યરાજસિંહે તેમની પાસે રહેલ પાઈપ વડે મને પગના ભાગે મારેલ અને મે આ લોકોને કહેલ કે મને થોડો ટાઈમ આપો હું તમારા બધા પૈસા બે ત્રણ મહીનામાં આપી દઈશ અને પૈસા ના આપી શકું તો હું મારી મીલ્કત તમારા નામે કરી દઈશ તેમ વાત કરતા આ લોકોને મારા ઉપર ભરોસો બેસતા યુવરાજસિંહે મને કહેલ કે જો તું બે ત્રણ મહીનામાં પૈસા અમને નહી આપ તો તારે ના છુટકે મીલ્કત અમારા નામે કરી દેવી પડસે. તેમ કહી આ લોકોએ મને જવા દીધો હતો.ત્યારબાદ પરિવારને જાણ કર્યા બાદ એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવતા પીઆઈ કે.એન.ભૂકણની રાહબરીમાં પીએસઆઈ જી.એન.વાઘેલા સહિતના સ્ટાફે આરોપીઓને સંકજામાં લીધા હતા.

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## સોનુ કે દાગીના લઈ જતા હોય ત્યારે પોલીસ હેરાન ન કરે તે માટે આઈકાર્ડ આપો

હતા અને ત્યાંથી બન્ને ગાડીઓ લઈ આ લોકો અમને ૧૫૦ ફુટ રીંગ રોડ તે લઇને અન્ય જગ્યાએ ધંધા માટે જવુ પડતું હોય છે. જેના વાઉચર, એફીડેવીટ, સ્ટોક સ્ટેટમેન્ટ, સ્ટોર્સ ઇન્સ્યોરન્સ તથા જીએસટી રીપોર્ટ પણ સાથે હોય છે તેમજ શો-રૂમ કે દુકાનના કર્મચારીઓ પણ આ માલ લઇને જતા-આવતા હોય છે આ દરમ્યાન પોલીસ દ્વારા ચેકીંગ કરવામાં આવે તેમાં અમને કોઈ વાંધો નથી પરંતુ પોલીસ દ્વારા ખોટી રીતે આ માલ તમામ કાગળો હોવા છતા પણ જપ્ત કરવાની ધમકી આપવામાં આવી રહી છે. વેપારીને ખોટી રીતે હેરાન પરેશાન કરવામાં આવે છે. પોલીસ દ્વારા ચૂંટણીનો માહોલ ન હોવા છતાં પણ ખોટી રીતે માલિક કે અમારા કર્મચારીઓને તમામ જરૂરી કાગળો હોવા છતા દાગીના જપ્ત કરવાની ધમકી અપાઈ રહી છે. કોવીડ -૧૯ પેન્ડેમીક પછી માંડ કરીને અમારા ધંધામાં થોડી ચહલ પહેલ છે. ત્યારે જ પોલીસની કનગડત રહેતા વેપારીઓ પરેશાન છે. સોની વેપારીઓએ કલેકટર સમક્ષ સ્પષ્ટ કહ્યું મેં, ઉચ્ચ અધિકારીઓ દ્વારા આ બાબતે જે માર્ગદર્શન મળે તે અનુસરવા અમે અને અમારા કર્મચારીઓ તૈયાર છે. વેપારીઓનું આક્ષેપ છે કે, પોલીસ પૈસાનો તોડ પણ કરે છે. તેઓએ કહ્યું કે, અમે ચેકીંગથી વિરૂધ્ધમાં નથી પરંતુ કનડગત તથા ગેરકાયદેસર તોડની વિરૂધ્ધ છીએ. સોની વેપારીઓને રેલ્વે મુસાફરીમાં પણ આવા અનેક બનાવો બનતા હોય છે. ચુંટણી સિવાયના દિવસોમાં પણ પોલીસ દ્વારા આવી કનડગત કરવામાં આવે છે. ઇ-વે બીલ, ઇન્વોઇસ જયારે દાગીનો કસ્ટમરને વેચાણ ત્યારે જ બનતું હોય છે એ પહેલા ન બને જેથી આ બાબતે પણ પોલીસને ગેરસમજ હોય છે. આમ ચુંટણી દરમ્યાન કે ચુંટણી ન હોય તે દરમ્યાન રેગ્યુલર દિવસોમાં પણ કાયમી રીતે આ પ્રશ્નનું નિરાકરણ જરૂરી હોય, કાયમી નિરાકરણ કરવા માંગ કરાઈ છે. આ આવેદનની નકલ રાજકોટના પોલીસ કમિશનર, વડાપ્રધાન, ગૃહમંત્રીને મોકલાઇ છે. ટૂંક સમયમાં જ આ મામલે પગલાં લેવાય તેવી માંગ ઉઠી છે.


અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક




ઘરે બેઠા મિનિટોમાં વ્હોટ્સએપ દ્વારા આપની ટચૂકડી જાહેરાત પ્રસિધ્ધ કરાવો
એક લાઈનના 5 Rs.
મિનીમમ ૫ લાઈન ફરજીયાત
+5%GST
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

# ગુજરાત વિધાનસભાની છેલ્લી પાંચ ચૂંટણીઓમાં સરેરાશ મતદાન ૬૪.૦૬ %







## સૌથી વધુ ૨૦૧૨ માં ૭૧.30 % મતદાન થયેલું: વર્ષ ૧૯૯૮ ની ચૂંટણીમાં મતદાતાઓની સંખ્યા ૨.૮૭ કરોડથી વધી હાલ ૪.૯૧ કરોડે પહોંચી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા.૪

ગુજરાત વિધાનસભા - ૨૦૨૨ ની ચૂંટણી આગામી પહેલી અને પાંચમી ડિસેમ્બરે યોજાવા જઈ રહી છે, ત્યારે ગત પાંચ ચૂંટણીઓના લેખા જોખા જોઈએ તો વર્ષ ૧૯૯૮ માં મતદાતાઓની સંખ્યા ૨ કરોડ ૮૭ લાખ જેટલી હતી, જે ૨૪ વર્ષ બાદ ૨૦૨૨ ની ચૂંટણીમાં વધીને ૪ કરોડ ૯૧ લાખથી વધુ થઈ છે.

૧૮ વર્ષ પૂર્ણ કરતા યુવાનોને પણ મતાધિકાર પ્રાપ્ત થાય તે માટે ચૂંટણી પંચ દ્વારા ખાસ અભિયાન ચલાવી પહેલી જાન્યુઆરી - ૨૦૨૨ થી પહેલી ઓક્ટોબર - ૨૦૨૨ સુધીમાં ૧૮ વર્ષ પૂર્ણ કરતા નવા ૩ લાખ ૨૪ હજાર ૪૨૦ મતદારોના ઉમેરા સાથે ગુજરાતમાં કુલ ૪,૯૧,૧૭,૭૦૮ મતદાતા નોંધાયા છે.

મતદાનનું પ્રમાણ જોઈએ તો વર્ષ ૧૯૯૮ માં ૫૯.30 %, વર્ષ ૨૦૦૨ માં ૬૧.૫૪%, વર્ષ ૨૦૦૭ માં ૫૯.૭૭% , વર્ષ ૨૦૧૨ માં ૭૧.30 % તથા ગત ચૂંટણી ૨૦૧૭ માં ૬૮.૩૯% મતદાન થયેલું હતું. છેલ્લી પાંચ ચૂંટણીઓમાં સરેરાશ મતદાન ૬૪.૦૬ % જોવા મળ્યુ છે.

| ક્રમ | વિધાનસભા મતદાર વિભાગ | ચૂંટણી અધિકારીનું નામ અને હોદ્દા | ઉમેદવારી ફોર્મ સ્વીકારવા માટેનું સ્થળ | મદદનીશ ચૂંટણી અધિકારીનું નામ અને હોદ્દો | ઉમેદવારી ફોર્મ સ્વીકારવા માટેનું સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | ૬૮-રાજકોટ પૂર્વ | શ્રી સુરજ એન.સુથાર નાયબ કલેક્ટર, (મ.ભો.યો.) રાજકોટ | મામલતદાર કચેરી, રાજકોટ શહેર (પૂર્વ), જૂની કલેક્ટર કચેરી, કમ્પાઉન્ડ, રાજકોટ | શ્રી રૂદ્ર ભરતભાઈ ગઢવી મામલતદાર રાજકોટ શહેર (પૂર્વ) | મામલતદાર કચેરી, રાજકોટ શહેર (પૂર્વ), જૂની કલેક્ટર કચરી કમ્પાઉન્ડ, રાજકોટ |
| ૨ | ૬૯- રાજકોટ પશ્ચિમ | એસ.આર.વર્મા ચૂંટણી અધિકારી ૬૯-રાજકોટ પશ્ચિમ વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારી, રાજકોટ શહેર-૨, રાજકોટ | ચૂંટણી અધિકારી ૬૯-રાજકોટ પશ્ચિમ વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારી, રાજકોટ શહેર-૨ની કચેરી, જૂની કલેક્ટર કચેરી, કોઠારી કમ્પાઉન્ડ, રાજકોટ | શ્રી જે.જે.પટેલ મદદનીશ ચૂંટણી અધિકારી ૬૯-રાજકોટ પશ્ચિમ વિધાનસભા મતદાર વિભાગ અને મામલતદાર, રાજકોટ શહેર (પશ્ચિમ) રાજકોટ | મદદનીશ ચૂંટણી અધિકારી ૬૯-રાજકોટ પશ્ચિમ વિધાનસભા મતદાર વિભાગ શહેર (પશ્ચિમ) રાજકોટની કચેરી આત્મીય કોલેજ સામે, કાલાવડ રોડ, રાજકોટ |
| ૩ | ૭૦- રાજકોટ દક્ષિણ | કે.જી.ચૌધરી પ્રાંત અધિકારી, રાજકોટ શહેર-૧ | ચૂંટણી અધિકારી ૭૦-રાજકોટ શહેર (દક્ષિણ) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારી, રાજકોટ શહેર-૧ ચૂંટણી અધિકારીની ચેમ્બરમાં, જૂની કલેક્ટર કચેરી કમ્પાઉન્ડ, રાજકોટ | શ્રી એન.એચ.પરમાર મામલતદાર,રાજકોટ શહેર (દક્ષિણ) | મદદનીશ ચૂંટણી અધિકારી ૭૦-રાજકોટ શહેર (દક્ષિણ) વિધાનસભા મતદાર વિભાગ અને મામલતદાર, રાજકોટ શહેર (દક્ષિણ) ઠે.મદદનીશ ચૂંટણી અધિકારીની ચેમ્બરમાં, ૧લો માળ, પી.ડી. માલવીયા કોલેજ પાસે, ગોંડલ રોડ, રાજકોટ |
| ૪ | ૭૧-રાજકોટ ગ્રામ્ય (અ.જા.) | વિવેક જે.ટાંક ચૂંટણી અધિકારી ૭૧-રાજકોટ ગ્રામ્ય (અ.જા.) વિધાનસભા મતદાર વિભાગ અને | પ્રાંત અધિકારી, રાજકોટ ગ્રામ્યની કચેરી, જૂની કલેક્ટર કચેરી કમ્પાઉન્ડ, આઈ.પી. મિશન સ્કુલની સામે, રાજકોટ | કે.કે.કરમટા ૭૧-રાજકોટ ગ્રામ્ય (અ.જા.) વિધાનસભા મતદાર વિભાગ અને મામલતદાર, રાજકોટ તાલુકા | મામલતદાર, રાજકોટ તાલુકાની કચેરી જૂની કલેક્ટર કચેરી કમ્પાઉન્ડ આ.પી. મિશન સ્કુલની સામે, રાજકોટ |
| ૫ | ૭૨-જસદણ | આર.જી.આલ ચૂંટણી અધિકારી ૭૨-જસદણ વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારી જસદણ | તાલુકા સેવા સદન, પ્રાંત અધિકારીની ચેમ્બર, પ્રથમ માળ, જીલશ્વર પાર્કની બાજુમાં, કમળાપુર રોડ, જસદણ | એસ.જે.અસ્વાર મદદનીશ ચૂંટણી અધિકારી ૭૨-જસદણ વિધાનસભા મતદાર વિભાગ અને મામલતદાર, જસદણ | તાલુકા સેવા સદન, માલતદારની ચેમ્બર, ગ્રાઉન્ડ ફ્લોર જીલશ્વર પાર્કની બાજુમાં, કમળાપુર રોડ,જસસણ |
| ૬ | ૭૩-ગોંડલ | કે.વી.બાટી ચૂંટણી અધિકારી ૭૩-ગોંડલ વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારી, ગોંડલ | ૭૩-ગોંડલ વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીની કચેરી, ૨૧, સ્ટેશન પ્લોટ, તાલુકા સેવા સદન, પ્રથમ માળ, ગોંડલ-૩૬૦૩૧૧ | કે.વી.નકુમ મદદનીશ ચૂંટણી અધિકારી ૭૩-ગોંડલ વિધાનસભા મતદાર વિભાગ અને મામલતદાર, ગોંડલ (શહેર) | ૭૩-ગોંડલ વિધાનસભા મતદાર વિભાગ અને મામલતદાર, ગોંડલ શહેરની કચેરી, ૨૧, સ્ટેશન પ્લોટ, તાલુકા સેવા સદન, પ્રથમ માળ, ગોંડલ-૩૬૦૩૧૧ |
| ૭ | ૭૪-જેતપુર | નિમીય પટેલ ચૂંટણી અધિકારી મતદાર વિભાગ અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી (પંચાયત) રાજકોટ | મામલતદાર કચેરી, જેતપુર તાલુકા સેવા સદન પ્રથમ માળ, રૂમ નં.૧ | કે.એમ.અધેરા મામલતદાર જેતપુર શહેર | મામલતદાર કચેરી જેતપુર તાલુકા સેવા સદન બીજો માળ, જેતપુર |
| ૮ | ૭૫-ધોરાજી | જે.એન.લિખિયા પ્રાંત અધિકારી ધોરાજી | પ્રાંત અધિકારી ચેમ્બર, પ્રાંત કચેરી, નવી ભગવતસિંહજી હાઈસ્કુલ, સ્ટેશન રોડ,ધોરાજી | એમ.જી.જાડેજા, ધોરાજી | મામલતદાર ચેમ્બર, મામલતદાર કચેરી, દરબાર ગઢ, ધોરાજી |

## મતદાન માટે મતદાર ફોટો, ઓળખપત્ર ઉપરાંત અન્ય બાર દસ્તાવેજોનો ઉપયોગ કરી શકાશે

રાજકોટ: ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૨ની જાહેરાત કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા કરી દેવામાં આવી છે. ચૂંટણી પંચ તરફથી નક્કી કર્યા મુજબ, વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૨ માટે તા.૧-૧૦-૨૦૨૨ની લાયકાતની તારીખની મતદારયાદી ધ્યાને લેવાની રહેશે. આ ચૂંટણીઓમાં મતદાન માટે ઈ.વી.એમ. (ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીન)નો તેમજ તમામ મતદાન મથકે વી.વી.પી.એ.ટી. (વોટર વેરિફાએબલ પેપર ઓડિટ ટ્રેઇલ)નો ઉપયોગ કરવામાં આવશે. આ ઉપરાંત મતદાન અર્થે મતદાન મથકે આવનારા તમામ મતદારોની ઓળખ પ્રસ્થાપિત થાય તે માટે મતદાર ફોટો ઓળખપત્ર (EPIC) અથવા ચૂંટણી પંચ દ્વારા નક્કી કરવામાં આવેલા નીચેના ૧૨ પૈકીના કોઈપણ દસ્તાવેજનો ઉપયોગ કરી શકાશે.

૧. આધારકાર્ડ, ૨. મનરેગા જોબકાર્ડ, ૩.બેંક અથવા પોસ્ટ ઓફિસ દ્વારા આપવામાં આવેલા ફોટો સહિતની પાસબુક, ૪. શ્રમ મંત્રાલય દ્વારા આપવામાં આવેલા હેલ્થ ઇન્સ્યુરન્સ સ્માર્ટ કાર્ડ, ૫. ડ્રાઈવિંગ લાયસન્સ, ૬.પાનકાર્ડ, ૭. એન.પી.આર. હેઠળ આર.જી.આઈ. દ્વારા આપવામાં આવેલા સ્માર્ટકાર્ડ, ૮. ભારતીય પાસપોર્ટ, ૯. ફોટો સાથેનો પેન્શન દસ્તાવેજ ૧૦. કેન્દ્ર સરકાર/રાજ્ય સરકાર/ જાહેરસાહસો/ પબ્લિક લિમિટેડ કંપનીઓના કર્મચારીઓને આપવામાં આવેલું ફોટો ધરાવતું ઓળખકાર્ડ, ૧૧. સંસદસભ્ય/ ધારાસભ્ય/ વિધાન પરિષદના સભ્યને આપવામાં આવેલા અધિકૃત ઓળખકાર્ડ, ૧૨. યુનિક ડિસેબિલિટી આઈ.ડી. (UDID) કાર્ડ, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, ભારત સરકાર.

## રાજકોટ જિલ્લામાં ચૂંટણી અધિકારી અને મદદનીશ અધિકારીની કરાયેલી નિમણુક

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ: રાજકોટ જિલ્લાની આઠ બેઠકો માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર દ્વારા ચૂંટણી અધિકારી અને મદદનીશ ચૂંટણી અધિકારી નિયુક્ત કરવામાં આવ્યા છે. ચૂંટણી લડવા ઈચ્છુકોએ ક્યાં વિધાનસભા મત વિભાગમાં પોતાના નામાંકનપત્ર રજૂ કરવા તે અંગેના સરનામાં નીચેની વિગતે દર્શાવવામાં આવેલ છે.

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા તા.૮મીએ સેમીનાર

## ટ્રેડ રિસિવેબલ ડિસ્કાઉન્ટિંગ સિસ્ટમના ઓનલાઈન પ્લેટફોર્મની અપાશે જાણકારી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૫

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા MSME સેકટરને મળવાપાત્ર લાભો અને ડિસ્કાઉન્ટ મેળવવામાં સરળતા રહે તે માટે RBI ના "Trade Recceivables Discountiong System (TReDS)" ઓનલાઈન પ્લેટફોર્મ અંગેની જાણકારી અંગે તા.૮ મંગળવારના રોજ સાંજે ૬ થી ૭ સુધી, રાજકોટ ચેમ્બર કોન્ફરન્સ હોલ, સેન્ટર પોઈન્ટ, કરણસિંહજી મેઈન રોડ, રાજકોટ ખાતે સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે. સેમીનારમાં ભાગ લેવા માટે રાજકોટ ચેમ્બરના ફોન નં.૦૨૮૧-૨૨૨૭૪૦૦ / ૨૨૨૭૫૦૦, મો. ૭૩૮૩૧૨૭૪૦૦ અથવા ઈ-મેઈલ : rajkotchamber@yahoo.co.in પર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. આથી રસ ધરાવનાને આ સેમીનારનો ખાસ લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.

### ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને મોટી રાહત

# યુવા સેના ટ્રસ્ટનો અખંડ આરોગ્યલક્ષી સેવાયજ્ઞ

## ૩૬૫ દિવસ વિનામૂલ્યે ડાયાબિટીસ, બ્લડપ્રેશર અને ઓક્સિજનની સાથે-સાથે વજન માપી દેવાનું પ્રેરણારૂપ કાર્ય

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૫: રાજકોટ શહેરમાં યુવા સેના ટ્રસ્ટ દ્વારા હાલમાં રોગચાળો કાબુમાં ન હોય તેવા સંજોગોને ધ્યાનમાં રાખી ગરીબ-જરૂરતમંદ લોકો માટે વિવિધ સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવે છે. જે લોકો હોસ્પિટલમાં જઈ ડાયાબીટીસ તેમજ બ્લડપ્રેશર જેવા મોંઘા રિપોર્ટો નથી કરાવી શકતા તેવા લોકો માટે ૩૬૫ દિવસ ડાયાબીટીસ, બ્લડપ્રેશર, થર્મોમીટર ગન દ્વારા તેમજ ઓકસી પલ્સ મીટર દ્વારા દર્દીઓની તપાસણી વિનામૂલ્યે કરી આપવામાં આવે છે તેમજ ઈલેક્ટ્રોનીક વજનકાંટા દ્વારા ફ્રિમાં વજન કરી આપવામાં આવે છે. જેમાં આશરે ૧૨ થી ૧૫ દર્દીઓ જેનો લાભ લઈ રહ્યા છે. આ સેવાનો વધુને વધુ લોકો લાભ લે એ હેતુ છે. આ જન આરોગ્યલક્ષી સેવા ટ્રસ્ટના કાર્યાલય સેવાભવન, ભોલેનાથ સોસાયટી શેરી નં.૪, ગુરૂપ્રસાદ ચોક નજીક, અંકુર વિદ્યાલય મેઈન રોડ, રાજકોટ ખાતે સોમવારથી શનિવાર સવારે ૧૦ થી ૧૨ તેમજ સાંજે ૫ થી ૭ માં આ સેવા ઉપલબ્ધ છે. રવિવારે રજા રહેશે. આ સેવામાં સહયોગ આપવા ઈચ્છુક દાતાઓ અત્રે રૂબરૂ આવી ન શકો તો ટ્રસ્ટના કાર્યાલયે (મો. ૯૯૧૩૩ ૧૦૧૦૦) સંપર્ક કરવા પ્રમુખ પ્રધ્યુમનસિંહ ઝાલાએ જણાવ્યું છે.

# વિશ્વાસઘાત અને છેતરપીંડીના ગુન્હામાં આરોપી જામીન મુકત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૫



એડવોકેટ: સાહિસ્તાબેન ખોખર

રૂ.૭૩,૮૮,૦૦૦ ની રકમની તુવેર અને સોયાબીન છત્તીસગઢ અને મહારાષ્ટ ટ્રક દ્વારા મોકલાવેલ હતા જે કઠોળ તેની જગ્યાએ ન પહોચાડી ડ્રાઈવર તથા ટ્રક માલીક ઓળવી ગયા અંગેની ફરિયાદ નોંધવામા આવેલ હતી અને જે સબબ પોલીસ દ્વારા આરોપી રાજેશ ઉર્ફે રાજુ મોહનભાઈ જસાણીની ધરપકડ કરવામા આવેલ હતી દરમીયાન આ કેસના આરોપીએ જામીન મુકત થવા જુનાગઢ સેસન્સ કોર્ટ સમક્ષ અરજી કરતા અદાલતે જામીન અરજી મંજુર કરી હતી.

ફરિયાદી નિલેશકુમાર ખુશાલદાસ ચંદારાણા કે જેઓ કઠોળનો વેપાર કરે છે તેમના દ્વારા હાલની આ ફરિયાદ નોંધાવેલ હતી ફરિયાદી દ્વારા છત્તીસગઢ ખાતે તુવેર મોકલવાની હોય. જેથી નલિન ટ્રાન્સપોર્ટમાંથી ટ્રક મંગાવેલ હતો જે ટ્રક લઈને ડ્રાઈવર પવન આવેલ હતો જેમા ૨૬ લાખ ૨૦ હજાર નો માલ રવાના કરેલ હતો ત્યારબાદ સમીર નામનો ડ્રાઈવર ટ્રક લઈને આવેલ હતો અને આ ટ્રકમાં ૨૬ લાખ ૨૪ ની તુવેર ભરી છત્તીસગઢ રવાના કરેલ હતી અને આ બંને ટ્રકો છત્તીસગઢના સરનામે પહોંચી જશે તેમ જણાવેલ હતું. તેમજ અલંકાર ટ્રેડર્સ નામની પેઢી વાળા સંજયભાઇ દોમડીયાએ પ્રભુ કૃપા ટ્રાન્સપોર્ટમાંથી ટ્રક મંગાવેલ હતો જે ટ્રક ફિરોઝ નામનો ડ્રાઈવર લઈને આવેલો હતો જેમાં સોયાબીન ભરી મહારાષ્ટ્ર રાજ્યના લાતુર મુકામે મોકલેલ હતાં પરંતુ આ ટ્રકો જણાવેલ સમયમર્યાદામાં જેતે સ્થળે પહોંચેલ હતા નહીં અને આ ત્રણેય ટ્રકોના માલિક તરીકે રાજુભાઈ જસાણી નું નામ ખુલવા પામેલ હતું અને તેમને ફોન કરતાં તેમનો ફોન પણ સ્વીચ ઓફ આવતો હતો. જેથી ફરિયાદીને શંકા ગઇ કે આ ત્રણેય ટ્રકો તુવેર અને સોયાબીન સહિતનો કુલ રૂપીયા ૭૩ લાખ ૮૮ હજારનો માલ લઈ ભાગી ગયેલ છે જે મુજબની વિગતવાર ફરિયાદ ફરીયાદી દ્વારા ટ્રક માલીક અને ડ્રાઈવરો વિરૂધ્ધ નોંધવામાં આવેલ હતી. જે સબબ આરોપી રાજેશ ઉર્ફે રાજુ મોહનભાઈ જસાણીની ધરપકડ કરેલ હતી. અને કોર્ટ સમક્ષ રજુ કર્યા બાદ જ્યુડીસ્યલ કસ્ટડીમા મોકલવાનો હુકમ ફરમાવેલ હતો અને ત્યારબાદ આરોપીએ પોતાના એડવોકેટ મારફત જામીન મુકત્ત થવા કોર્ટમાં અરજી કરેલ હતી. જે અન્વયે આરોપી વતી રોકાયેલ એડવોકેટએ કરેલ દલીલ ધ્યાનમાં રાખી સેસન્સ કોર્ટ દ્વારા આરોપીને જામીન મુકત કરવાનો હુકમ ફરમાવેલ હતો. આ કેસમાં આરોપી વતી રાજકોટના એડવોકેટ રણજીત એમ. પટગીર, સાહિસ્તાબેન ખોખર, તેમજ જુનાગઢના એડવોકેટ ઈમરાન થઈમ રોકાયેલ હતા.

# બાબરામાં કાલે કોંગ્રેસ દ્વારા જાહેરસભા

## રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહેલોત જાહેરસભા સંબોધશે



**(મિલાપ રૂપારેલીયા દ્વારા)**

અમરેલી, તા.૫

બાબરામાં આગામી રવિવાર અને તા. ૬/૧૧ના રોજ બપોરના બે કલાકે જલારામ બાપાના મંદિરના વિશાળ મેદાનમાં કોંગ્રેસની જંગી જાહેર સભા યોજશે. રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત આ જંગી જાહેરસભાને સંબોધવાના હોવાથી જિલ્લા અને તાલુકા કોંગ્રેસ દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી છે. ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમરે જણાવ્યું હતું કે આગામી રવિવારના રોજ બાબરા ખાતે કોંગ્રેસની જંગી જાહેર સભામાં રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત ઉપસ્થિત રહી જનસભાને સંબોધન કરવાના છે. પ્રદેશ અને જિલ્લા કોંગ્રેસના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહેવાના હોવાથી કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકર્તાઓ તેમજ લોકોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા ધારાસભ્ય પરેશભાઈ ધાનાણી, અમરીશભાઈ ડેર, પ્રદેશમહિલા કોંગ્રેસ પ્રમુખ જેનીબેન ઠુંમર, મહિલા કોંગ્રેસ પ્રમુખ મીનાબેન સોંડાગરે અપીલ કરી હતી.

# જસદણની શ્રીનાથજી હવેલીમાં અન્નકૂટ દર્શન યોજાયા, સેંકડો વૈષ્ણવો ઉમટયા

**(ધર્મેશ કલ્યાણી દ્વારા)**

જસદણ, તા.૫



સૌરાષ્ટ્રમાં શ્રીનાથજીના તીર્થ તરીકે પ્રસિધ્ધ જસદણની શ્રીનાથજીના હવેલીમાં તાજેતરમાં અન્નકૂટના દર્શન યોજાયા હતા.

જસદણની હવેલીના પ્રમુખ કિરીટભાઈ પટેલના જણાવ્યા મુજબ આ વર્ષે નૂતન વર્ષના દિવસે સૂર્ય ગ્રહણ હોવાથી તે દિવસે અન્નકૂટના દર્શન યોજાયા ન હતા અને તાજેતરમાં કારતક સુદ નવમીના દિવસે હવેલીમાં અન્નકૂટ દર્શન યોજાયા હતા. જેમાં મુખ્યાજી ઘનશ્યામભાઈ જોશી દ્વારા બનાવવામાં આવેલી વિવિધ સામગ્રીઓ મોહનથાળ, મગજ, મેસુબ, સુખડી, ટોપરાપાક, પેંડા સહિતની અનેકવિધ સામગ્રી, મીઠાઈ, ફરસાણ, ફ્રૂટ વગેરે સામગ્રીઓ ઠાકોરજીને ધરાવવામાં આવી હતી. મોટી સંખ્યામાં વૈષ્ણવોએ દર્શનનો લાભ લીધો હતો.

## આમ આદમી પાર્ટી રાજકોટ લોકસભાના પ્રમુખ રાહુલ ભુવાના ઘેર લક્ષ્મીજી પધાર્યા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ: આમ આદમી પાર્ટી રાજકોટ લોકસભાના પ્રમુખ રાહુલ ભુવાના ઘરે દીકરીનો જન્મ થતા પરીવારમાં ખુશીનો માહોલ છવાયો હતો. તમામ કાર્યકર્તા અને મિત્રો તરફથી તેમને શુભેચ્છા ઓ પ્રાપ્ત થઈ રહી છે. સોશિયલ મીડિયામાં રાહુલ ભુવા દ્વારા ફોટો શેર કરીને જાણકારી આપવામાં આવી હતી.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

CMYK

### હજુ માત્ર તપાસનો નાટક ચાલી રહ્યાનો શહેર કોંગ્રેસ અને યુવા સંગઠનના આગેવાનોનો આક્ષેપ

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પેપરલીક કાંડમાં દોષિતો સામે તાત્કાલિક એફઆઈઆર દાખલ કરવા કોંગ્રેસની ઉગ્ર માંગણી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૫

રાજકોટ શહેર કોંગ્રેસના ઉપપ્રમુખ જયપાલસિંહ રાઠોડ, મુકુંદ ટાંક, મહામંત્રી મયુરસિંહ પરમાર અને પ્રદેશ કોંગ્રેસના પ્રવકતા રોહિતસિંહ રાજપૂતએ પોલીસ કમિશનરને આવેદનપત્ર પાઠવ્યું છે. આવેદનપત્રમાં જણાવ્યું છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ગત ૧૩ ઑક્ટોબર BBA અને B.com સેમ-૫ નું એક-એક પર લીક થવાની ગંભીર ઘટના પ્રકાશમાં આવતા હજારો વિદ્યાર્થીઓનું ભવિષ્ય સાથે છેડછાડ થઇ હતી જેમાં B.com નું એક પેપર છાત્રોએ બીજી વખત આપવું પડ્યું હતું અને જેથી સરકારને લાખોની નુકશાની પણ થઈ હતી. જે રીતે પેપર લીક થયું છે તે પ્રમાણે એકબીજા સતાધીશોની વ્યક્તિગત આંતરિક લડાઈમાં બદઇરાદે જ આ કૃત્ય થયું હતું તે સૌ જાણે છે અને આ અંગે યુનિવર્સિટી મેનેજમેન્ટે ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં અનેક વખત તમામ નિવેદનો માહિતી આપ્યા બાદ પોલીસે માત્ર જાણવા જોગ નોંધ કરી હતી અને હજુ તપાસ કરી રહીનું રટણ કરે છે. તેવો આક્ષેપ કર્યો છે.

**હજુ જવાબદારોના નામ જાહેર થયા નથી, પોલીસ ક્યાં દબાણ હેઠક કાર્યવાહી કરી રહી નથીઃ સમગ્ર તપાસ નાટકને શિક્ષણ જગત માટે શરમજનક ગણાવતી કોંગ્રેસઃ તાકીદે પગલા લો**

આજે ઘટનાના ૨૨-૨૨ દિવસ પૂરા થવા છતા પણ પેપરલીક કરનારા ઘેરામાં કોણ છે તે જાહેર થયું નથી ! આનાથી માટે શિક્ષણ જગત માટે શરમજનક બાબત શું હોય શકે ? આવડી મોટી સરકારી સંસ્થાની આવી અને સર્વદર્શીલ બાબતે પોલીસતંત્ર કેસ શા માટે દાખલ નથી કરતી? FSL નો રિપોર્ટ આવ્યા બાદ હજુ પોલીસ કોના દબાણમાં આવી કાર્યવાહી નથી કરતી? જો સરકારી સંસ્થાની ફરિયાદ પોલીસ લેતી ના હોય તો સામાન્ય માણસની સ્થિતિ શું થતી હશે? પોલીસ કોના ઈશારે આવા અસામાજીક તત્વોને છાવરે છે તેવા અનેક સવાલો વિદ્યાર્થી જગતમાં થાય તે સ્વાભાવિક છે. સૌરાષ્ટ્ર યુનિ.માં અવારનવાર પેપર ફૂટવાની ઘટનાઓ સામે આવે પરંતુ સરકાર કે પોલીસ ઉદાહરણરૂપ કડક કાર્યવાહી કરતી નથી જેથી સૌ.યુનિ.ની છબી દિવસેને દિવસે વધુ ખરડાતી જાય અને આને કારણે લાખો વિદ્યાર્થી વાલીઓને સરકારી સંસ્થાઓ પરથી વિશ્વાસ ઉઠતો અને સાથો સાથે પોલીસતંત્રની કાયદો વ્યવસ્થાની સ્થિતિ અંગે તેઓના મગજમાં ખરાબ છાપ ઉભી થાય તે ખૂબ જ શરમજનક બાબત કહી શકાય. ઉપરોક્ત તમામ બાબતોને ધ્યાનમાં રાખી લાખો વિદ્યાર્થીઓ અને વાલીઓનો સરકારી સંસ્થાઓ અને યુનિવર્સિટી પ્રત્યે ફરીથી વિશ્વાસ સંપાદિત કરવા અને ભવિષ્યમાં કોઇપણ શૈક્ષણિક સંસ્થાઓમાં આવું કૃત્ય કરવાની કોઈ હિંમતના કરે માટે આ પેપટલીક કાંડનું કૃત્ય કરનાર ઈશમો સામે તાત્કાલિક ફરિયાદ દાખલ કરી નિપક્ષ તપાસ કરી જવાબદારોને જેલ ભેગા કરવામાં આવે તેવી અમારી માંગ છે. જો પોલીસ વિભાગ ૩ દિવસમાં ફરિયાદ દાખલ કરી યોગ્ય કાયવાહી નહીં કરે તો કોંગ્રેસપક્ષ વિદ્યાર્થીઓને સાથે રાખી ગાંધી ચિંધ્યા માર્ગે દરરોજ અલગ અલગ રાષ્ટ્રીય મહાપુરૂષોની પ્રતિમાઓ પાસે પ્રતીક ધરણા પ્રદર્શન કરી વિરોધ દર્શાવશે. તેમ જણાવ્યું છે.

# જસદણ બેઠકની ૨૦૧૮ ની પેટા ચૂંટણી ખૂબ જ રસપ્રદ બની હતી

**(ધર્મેશ કલ્યાણી દ્વારા)**

જસદણ, તા.૫

વિધાનસભાની સામાન્ય ચૂંટણી જાહેર થઈ છે પરંતુ જસદણ બેઠક માટે તમામ પક્ષના ઉમેદવારો નક્કી થયા બાદ ચૂંટણી જંગ રસપ્રદ બનશે. જોકે જસદણ બેઠકની ૨૦૧૮ ની પેટા ચૂંટણીને હજુ પણ લોકો રસપ્રદ રીતે યાદ કરી રહ્યા છે.

સમગ્ર રાજ્યમાં એ સમયે ચર્ચાસ્પદ બનેલી જસદણ બેઠકની ડિસેમ્બર ૨૦૧૮ ની પેટા ચૂંટણીની વિગતો જોઈએ તો કોંગ્રેસના ધારાસભ્ય કુંવરજીભાઈ બાવળિયાએ જૂન ૨૦૧૮ માં કોંગ્રેસ પક્ષમાંથી અને ધારાસભ્ય પદેથી સવારે રાજીનામું આપ્યા બાદ તુંરત જ તેમને ભાજપ સરકારમાં કેબિનેટ મંત્રી બનાવવામાં આવ્યા હતા. જેની પેટા ચૂંટણી ડિસેમ્બર ૨૦૧૮ માં યોજાઈ હતી. જસદણની આ પેટા ચૂંટણી માત્ર જસદણ વિસ્તારમાં જ નહીં પરંતુ સમગ્ર રાજ્યમાં હાઈ પ્રોફાઈલ રાજકીય ડ્રામા સમાન બની હતી. આ પેટા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર

**ભાજપના કુંવરજીભાઈ બાવળિયાનું ૧૯૯૮૫ મતની લીડથી જીત થઈ હતી**

કુંવરજીભાઈ બાવળીયાને જીતાડવા વિજયભાઈ રૂપાણીની ભાજપ સરકારના દોઢ ડઝનથી વધારે મંત્રીઓએ અને ૨૦ થી વધારે ભાજપના ધારાસભ્યોએ તથા ૮ થી વધારે સંસદ સભ્યોએ જસદણમાં ધામા નાખ્યા હતા. જ્યારે કોંગ્રેસ પક્ષે કોંગ્રેસના ઉમેદવાર અવસરભાઈ નાકીયાને જીતાડવા માટે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડા, વિરોધ પક્ષના નેતા પરેશભાઈ ધાનાણી તેમજ કોંગ્રેસના ત્રીસથી વધુ ધારાસભ્યોએ જસદણમાં ધામા નાખ્યા હતા. કેબિનેટ મંત્રીઓ ભુપેન્દ્રસિંહ ચુડાસમા, ઊર્જા મંત્રી સૌરભભાઈ પટેલ, પુરવઠા મંત્રી જયેશભાઈ રાદડિયા, વાહન વ્યવહાર મંત્રી આર. સી. ફળદુ, મંત્રી વાસણભાઇ આહિર, ભાજપના દિગ્ગજ નેતાઓ પરસોત્તમભાઈ રૂપાલા, મનસુખભાઈ માંડવીયા, શંભુપ્રસાદ ટુડીયા, પ્રદેશ ભાજપ પ્રમુખ જીતુભાઈ વાઘાણી સહિતના નેતાઓએ જસદણ વિંછીયા પંથકના એકે એક ગામડાઓમાં શેરીએ શેરીએ ફરી વળ્યા હતા. આ પેટા ચૂંટણીમાં જસદણ રાજકીય ટુરિઝમ સેન્ટર બન્યું હતું. ચૂંટણી પ્રચારના એ દિવસો દરમિયાન સમગ્ર જસદણ વિધાનસભા વિસ્તારમાં ઠેર ઠેર ભાજપના અને કોંગ્રેસના રાજ્યકક્ષાના નેતાઓ સરળતાથી લોકોને મળતા હતા અને જોવા મળતા હતા. એ પેટા ચૂંટણીમાં જસદણ અને વિંછીયા તાલુકા પંચાયતની દરેક સીટ ઉપર બંને પક્ષે એક એક ધારાસભ્યને જવાબદારી સોંપી હતી. આ ઉપરાંત જસદણ વિધાનસભા વિસ્તારમાં આવેલી જિલ્લા પંચાયતની તમામ બેઠક ઉપર એક એક કેબિનેટ મંત્રીને જવાબદારી સોંપવામાં આવી હતી. જ્યારે બંને પક્ષના જિલ્લા પ્રમુખો, શહેર પ્રમુખો, જિલ્લા પંચાયતના પ્રમુખો, વિરોધ પક્ષના જિલ્લા પંચાયતના નેતાઓ, શાસક પક્ષના નેતાઓ સહિત જસદણમાં રાજ્યકક્ષાના રાજકીય નેતાઓના ધાડેધાડા ઉતારી દેવામાં આવ્યા હતા. એ સમયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના પત્ની અંજલીબેન રૂપાણી પણ મહિલા મોરચાના બહેનો સાથે જસદણ શહેરમાં ઠેર-ઠેર પ્રચાર કરવામાં વ્યસ્ત રહેતા હતા. બીજી બાજુ પેટા ચૂંટણી હોવાથી બંને પક્ષના અનેક ધારાસભ્યો તેમજ મંત્રીઓ પોતાને ચૂંટણી નહીં લડવાની હોવાથી સંપૂર્ણ ફ્રી હોવાથી જસદણ બેઠક ઉપર પૂરતું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. આ ચૂંટણીમાં જસદણના ઇતિહાસમાં પ્રથમ વખત જસદણ વિધાનસભા બેઠકની મતગણતરી પણ જસદણ ખાતે જ યોજાઈ હતી. આ પેટા ચૂંટણીમાં જસદણ વિસ્તારના બંને પક્ષના કાર્યકરોને તેમના પક્ષના અનેક મોટા નેતાઓ સાથે સંબંધ કેળવવાનો અવસર મળ્યો હતો.

આ પેટા ચૂંટણીમાં તારીખ ૨૦-૧૨-૨૦૧૮ ના રોજ ૨૫૬ મતદાન મથક ઉપર મતદાન થતાં ૭૧.૨૩ ટકા મતદાન યોજાયું હતું. કુલ આઠ ઉમેદવારો હતા જેમાં ભાજપના કુંવરજીભાઈ બાવળિયાનું ૧૯૯૮૫ મતની લીડથી જીત થઈ હતી તા.૨૩-૧૨-૨૦૧૮ના રોજ મત ગણતરી યોજાઈ હતી. બંને પક્ષના કાર્યકરો હજુ પણ આ ચૂંટણીને ખૂબ જ ઉત્સાહથી યાદ કરી રહ્યા છે. ત્યારે આગામી દિવસોમાં જસદણ બેઠકની સામાન્ય ચૂંટણી કેટલી રસપ્રદ બને છે તે તો સમય જ બતાવશે.

# જસદણમાં ભોળાભાઈ ગોહિલ સામે કુંવરજી બાવળિયાનું નામ નિશ્ચિત



**(ધર્મેશ કલ્યાણી દ્વારા)**

જસદણ, તા.૫

વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ દ્વારા ઉમેદવારો જાહેર કરવામાં આવ્યા છે. જેમાં જસદણ બેઠકના ઉમેદવાર તરીકે ભોળાભાઈ ગોહિલનું નામ જાહેર કરવામાં આવ્યું છે.જોકે ભાજપ દ્વારા તેમના ઉમેદવારોનું લિસ્ટ જાહેર કરવામાં આવ્યું નથી. પરંતુ જસદણ બેઠક માટે ભાજપના ઉમેદવાર તરીકે વર્તમાન ધારાસભ્ય કુંવરજીભાઈ બાવળિયાનું નામ નિશ્ચિત હોવાનું મનાય છે. ભોળાભાઈ ગોહિલ ૨૦૧૨ થી ૨૦૧૭ સુધી જસદણ બેઠક ઉપરથી કોંગ્રેસના ધારાસભ્ય રહી ચૂક્યા છે. તેમના ધારાસભ્યના કાર્યકાળ દરમિયાન તેઓએ સરળતાથી તમામ નાગરિકો સાથે સંબંધો જાળવી રાખ્યા હતા. અગાઉ તેવો જસદણ તાલુકા પંચાયતના પ્રમુખ તેમજ જસદણ તાલુકા કોંગ્રેસ પ્રમુખની જવાબદારી નિભાવી ચૂક્યા છે. જસદણ વિસ્તારના કોળી સમાજ સહિતના તમામ સમાજમાં ભોળાભાઈ સારી પકડ ધરાવે છે જ્યારે બીજી બાજુ કુંવરજીભાઈ પણ ત્રણ દાયકાથી રાજકારણ સાથે સંકળાયેલા છે અને કોળી સમાજમાં પકડ ધરાવે છે કેબિનેટ મંત્રી રહી ચૂક્યા છે. ત્યાં બેઠક ઉપર હવે આરપારની લડાઈ શરૂ થવાની શક્યતા છે. આગામી દિવસોમાં ફોર્મ ભરાયા બાદ રાજકીય કાવા દાવા શરૂ થશે અને શિયાળાની ઠંડીમાં ચૂંટણીનો ગરમાવો આવશે.

# ગોંડલ પંથકના બે યુવાનોનો પ્રકૃતિ પ્રેમ



**રાસાયણિક ખાતરના ઉપયોગ વગર અનાજ-શાકભાજીનું ઉત્પાદન, ૧૫૦૦ વૃક્ષો વાવ્યા**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૫

ગોંડલ તાલુકાના મોટી ખીલોરી ગામના કાંતિ પટેલ અને રાણસીકી ગામના રશ્મિન દવેએ રોજબરોજના ખોરાક બાબતે ઘણા સમય સુધી ચિંતન સંશોધન કર્યું, અને સ્વાસ્થ્યપ્રદ, પ્રાકૃતિક, કુદરતી ઉત્પાદનો તરફ જવાનું નકકી કર્યું જેમાંથી ઉદ્‌ભવ થયો વેદાંત પ્રાકૃતિક ફાર્મનો.

આ રીતે વેદાંત પ્રાકૃતિક ફાર્મની પરિકલ્પના બની અને તેને સાકાર કરવા પ્રથમ વર્ષે ૧૫૦૦ અલગ અલગ ઔષધિય અને ફળાઉ વૃક્ષોનું વાવેતર કર્યું અને આ બન્ને ભાઈઓ કાંતિ પટેલ અને રશ્મિન દવે એ આગામી બે વર્ષમાં ૩૫૦૦ થી વધુ પ્રકૃતિને અનુરૂપ અને ફળફુલ અને ઔષધિય વૃક્ષો વાવવાનું નકકી કર્યુ છે. સાથે સાથે જીવન જરૂરીયાત ઉપયોગી સામગ્રીઓ મગફળી, શાકભાજી વગેરે વ્યાજબી કિંમતે ઝેરી દવા વગર, રાસાયણિક ખાતરના ઉપયોગ વગર, સંપૂર્ણપણે પ્રાકૃતિક રીતે ઉછેરેલ શુધ્ધ-સાત્વિક ઔષધિય ગુણો અને કુદરતી મીઠાસથી ભરપુર પાક તૈયાર કરી લોકો સુધી પહોંચાડવા કટીબધ્ધ બન્યા છે.

જો કોઈને આ પ્રાકૃતિક ખેતીમાં કે ઔષધિય વૃક્ષો વાવવામાં અને ફળાઉ વૃક્ષો ઉછેરવામાં રસ હોય તો મો.નં.૯૮૯૮૯૦૫૪૯૯ ઉપર સંપર્ક કરવા વિનંતી છે. તેમ ડો.અર્જુન દવે દ્વારા જણાવાયું છે.

# કરણીસેના દ્વારા મોરબીના દિવંગતોને શોકાંજલિ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૫

રાજકોટમાં રેસકોર્ષ છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા ખાતે રાષ્ટ્રીય રાજપૂત કરણી સેના દ્વારા મોરબીમાં ઝૂલતા પુલ દુર્ઘટનામાં દિવંગતોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. મીણબત્તી સળગાવી અને મૌનપાળી દિવંગતો માટે પ્રાર્થના યોજાઈ હતી. રાષ્ટ્રીય રાજપૂત કરણી સેના દ્વારા પ્રશાસન સરકાર પાસે એવી માંગ કરવામાં આવી છે કે જે બાળકોએ પોતાના માતા-પિતા ગુમાવ્યા છે એમને આજીવન શિક્ષણ મફત મળવું જોઈએ અને જે પરિવારે પોતાના આધાર સ્તંભ કમાનાર ગુમાવ્યા છે એમના પરિવારના એક વ્યકિતને સરકારી નોકરી મળવી જોઈએ એવી માંગણી કરવામાં આવી છે. આ દુર્ઘટના બની એમાં જવાબદાર દોષી કોઈપણ વ્યકિતને બક્ષવામાં ન આવે અને કડકમાં કડક સજા થવી જોઈએ જેથી ભવિષ્યમાં આવી બેદરકારી કોઈ ન રાખે અને અમૂલ્ય માનવ જિંદગીનો ભોગ લેવાય નહીં.

### કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટની જીવદયા પ્રવૃતિને બીરદાવાશે

# એનિમલ હેલ્પલાઈન દ્વારા કાલે ચતુર્વિધ કાર્યક્રમ



**સ્નેહમિલન, જીવદયા સંમેલન, ભકિત સંધ્યા અને નવા ટ્રસ્ટીઓના સત્કાર સમારંભનું આયોજન**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૫

ભારત સરકાર દ્વારા જીવદયાનો સર્વોચ્ચ એવોર્ડ વિજેતા સંસ્થા અને નિઃશુલ્ક પશુ-પક્ષી સારવાર ક્ષેત્રે ભારતની સૌથી મોટી સંસ્થા કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનિમલ હેલ્પલાઈન, રાજકોટ દ્વારા તા.૬ રવિવારે, સાંજે ૬ થી ૧૦ કલાક સુધી શેણી મેમોરીયલ ટ્રસ્ટ(એનિમલ હેલ્પલાઈન શેલ્ટર), શ્રેયસ સ્કૂલની બાજુમાં, નાગેશ્વર તીર્થની સામે, શેઠનગર પાસે, જામનગર રોડ, રાજકોટ ખાતે નૂતન વર્ષ સ્નેહમિલન, ભકિત સંધ્યા તથા નવા ટ્રસ્ટીઓનો સત્કાર સમારંભ અને જીવદયા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનિમલ હેલ્પલાઈન, રાજકોટના નવા ટ્રસ્ટીઓ ગૌરાંગભાઈ ઠકકર તથા પારસભાઈ મહેતાનો સત્કાર સમારંભ યોજવામાં આવ્યો છે.

આ પ્રસંગે ભકિત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજ ભટ્ટ, નિરૂ દવે, અવધ ભટ્ટ તથા સાથી કલાકારો (જૂનાગઢ)વાળા ભજન સંધ્યા વિજળીનાં ચમકારે પોતાની આગવી શૈલીમાં શ્રોતાઓને મંત્રમુગ્ધ કરશે. આ કાર્યક્રમમાં પૂ. પરમાત્માનંદ સરસ્વતીજી(હિન્દુ ધર્માચાર્ય મહાસભા) દ્વારા આર્શીવચન પાઠવવામાં આવશે.

સમગ્ર પ્રવૃતિઓ અંગે વિજયભાઈ ડોબરીયા (સદભાવના વૃધ્ધાશ્રમ)નો સતત સહયોગ મળી રહ્યો છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મિતલ ખેતાણી, પ્રતિક સંઘાણી, રમેશભાઈ ઠકકર, ઘનશ્યામભાઈ ઠકકર, ધીરેન્દ્રભાઈ કાનાબાર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ સહિતની ટીમ જહેમત ઉઠાવી રહી છે. આ કાર્યક્રમની વિશેષ વિગતો માટે મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨ ૨૧૯૯૯), પ્રતિક સંઘાણી (મો.૯૯૯૮૦ ૩૦૩૯૩) પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# જસદણ મામલતદાર તરીકે ચાર્જ સંભાળતા સંજયસિંહ અસવાર



**(ધર્મેશ કલ્યાણી દ્વારા)**

જસદણ, તા.૫

જસદણના મામલતદારની બદલી થતાં તેમના સ્થાને તાજેતરમાં જ ધ્રાંગધ્રાના વતની સંજયસિંહ જે અસવારે જસદણ મામલતદાર તરીકે ચાર્જ સંભાળ્યો હતો. તેઓ અગાઉ પાલનપુરમાં અધિક ચીટનીશ તરીકે, કોડીનારમાં મામલતદાર તરીકે તેમજ રાણાવાવ પોરબંદર ખાતે મામલતદાર તરીકે ફરજ બજાવી ચૂકયા છે. જસદણમાં મામલતદાર ઉપરાંત મદદની ચૂંટણી અધિકારી તરીકે તેમણે ડેપ્યુટી કલેકટર અને ચૂંટણી અધિકારી આર. જી. આલના માર્ગદર્શન હેઠળ ચૂંટણીની કામગીરી શરૂ કરી છે.

જીપીએસી દ્વારા મામલતદાર થતાં પૂર્વ તેઓ તલાટી, સબ રજીસ્ટ્રાર કચેરીમાં અધિકારી, નાયબ મામલતદાર સહિતની ફરજો નિભાવી ચૂક્યા છે. હાલ તેઓ મુક્ત અને ન્યાયી ચૂંટણી કામગીરી થાય તે માટે પ્રયત્નશીલ છે.

### વિદેશ જવા ઈચ્છુકો માટે વિશેષ તક

# રઘુવંશી યુવક-યુવતીઓ માટે ૨૬મીએ પરીચય મેળો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૫

રઘુવંશી સમાજના વિરિષ્ઠ સમાજ સેવક મનુભાઈ મીરાણી દ્વારા ૨૧ વર્ષથી લોહાણા સમાજનાં લગ્નોત્સુક યુવક યુવતીઓ માટે નિઃશુલ્ક રઘુવંશી વૈવિશાળ માહિતી કેન્દ્ર ચલાવવામાં આવે છે. અત્યાર સુધીમાં તેમના દ્વારા નિઃશુલ્ક કુલ ૧૬ પરીચય મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૩ પરીચય મેળા

**રઘુવંશી વૈવિશાળ માહિતી કેન્દ્ર દ્વારા ચોથી વખત ઓનલાઈન પરીચય મેળાનું આયોજન**

ઓનલાઈન કરવામાં આવ્યા છે.

રઘુવંશી વૈવિશાળ માહિતી કેન્દ્ર (નિઃશુલ્ક) દ્વારા યુવક યુવતીઓ માટે ઓનલાઈન રઘુવંશી ફોરેન ગ્રુપ તેમજ ફોરેન જવા માંગતા ઉમેદવારો માટે પરીચય મેળોનું આયોજન તા.૨૬/૧૧/૨૦૨૨, શનિવારના રોજ સાંજે ૬ કલાકેથી કરાયું છે. ઉમરના મેચીંગ ગ્રુપ પ્રમાણે દરેક ઉમેદવારને ઓનલાઈન પી.ડી.એફ. ફાઈલ વ્હોટસએપમાં મળી જશે. પી.ડી.એફ. ફાઈલ તૈયાર કરવાની હોવાથી નિઃશુલ્ક રજીસ્ટ્રેશન તા.૨૩/૧૧/૨૦૨૨, બુધવાર સુધીમાં રઘુવંશી ઉમેદવારોને કરી દેવું ફરજીયાત છે.

રઘુવંશી પંસદગી સમારોહના વોટસએપ પર બાયોડેટા મોકલવા માટે મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨ ૨૧૯૯૯), જયેશભાઈ જીવાણી (મો.૯૮૨૫૬ ૬૮૨૨૦), સંજયભાઈ કકકડ (મો.૯૧૫૭૩ ૪૩૭૯૯) તથા રઘુવંશી પંસદગી સમારોહની વિશેષ માહિતી માટે મનુભાઈ મીરાણી (મો.૯૪૨૮૪ ૬ ૬ ૬ ૬૩) નો સંપર્ક કરવા જણાવાયું છે.

# રોયલપાર્ક ઉપાશ્રયમાં સોમવારે વિહાર શુભેચ્છા સમારોહ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૫

ગોંડલ સંપ્રદાયના પૂ. ધીરગુરૂદેવના આજ્ઞાનુવર્તિ પૂ. પારસમૈયા (પૂ. રંભાબાઈ મ.) ના સુશિષ્યા સ્વાધ્યાયપ્રેમી પૂ. વિમલાજી મહાસતિજી આદી ઠાણા ૩ ની નિશ્રામાં તા.૭ ને સોમવારના રોજ સવારે ૯ થી ૧૦:૩૦ કલાકે રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘ - સી.એમ.શેઠ પૌષધશાળા ખાતે ભક્તિમય વિહાર શુભેચ્છાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

ચાર-ચાર મહિના સુધી તપ-જપ, આરાધના અને સુંદરમજાની પ્રભુની વાણીનું શ્રવણ કરાવી યાદગાર અને આરાધનામય ચાતુર્માસ કરાવેલ છે તો આ વિહાર શુભેચ્છાના કાર્યક્રમમાં દરેક શ્રાવક-શ્રાવિકાઓએ ખાસ પધારવા અપીલ કરાઈ છે. આ ઉપરાંત જેને વિહાર શુભેચ્છા આપવાની હોઈ તેમણે પોતાના નામ વિણાબેન શેઠ (મો.

**દરેક શ્રાવક-શ્રાવિકાઓએ ખાસ પધારવા અપીલ**

૯૪૨૬૮૪૫૬૮૫) પાસે તા. ૫ ના રોજ શનિવાર સુધીમાં લખાવી આપવા જણાવાયું છે.

# રાજકોટ વિધાનસભા-૭૦માં હિતેશ વોરા, ૭૧માં સુરેશ બથવાર ઉમેદવાર



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૫

કોંગ્રેસે શુક્રવારે રાત્રે ૪૩ ઉમેદવારોના જાહેર કરેલા નામોમાં રાજકોટ વિધાનસભા-૭૦ માં કોંગ્રેસના પૂર્વ જીલ્લા પ્રમુખ હિતેશ વોરાને ટિકિટ આપી છે.

રાજકોટ જીલ્લા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ હિતેશ વોરા ૧૯૯૫ થી કોંગ્રેસ સાથે જોડાયેલા છે. અગાઉ કિસાન મજદૂર સંઘ રાજકોટના પ્રમુખ તરીકે તેમજ તાલુકા પંચાયતમાં શાપરની બેઠક પર ચૂંટણી લડી જીત્યા હતા અને હાલ કોટડાસાંગાણી યાર્ડમાં સભ્ય હોવાનું અને રાજકોટ જીલ્લા કોંગ્રેસ કમિટીના પૂર્વ પ્રમુખ તેમજ રાજકોટ વિધાનસભા-૭૧ ના ઈન્ચાર્જ રહી ચૂકયા હતા. ઉપરાંત લેઉવા પાટીદાર સમાજના ટ્રસ્ટી તરીકે દ્વારકા, હરીદ્વાર, નાથદ્વારા, સોમનાથ અને ચાંદલીમાં સેવા આપી હતી. તથા રાજકોટમાં જય સરદાર યુવા ગ્રુપ અને જંગલેશ્વર સ્મશાનમાં કમિટી મેમ્બર તરીકે સેવા બજાવે છે. કોંગ્રેસે રાજકોટ દક્ષિણમાં હિતેશ વોરાને ટિકિટ આપતા પક્ષના હોદ્દેદારો-આગેવાનોએ શુભેચ્છાઓ પાઠવી હતી.

## રાજકોટ ગ્રામ્યમાં સુરેશ બથવાર ઉમેદવાર



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ: કોંગ્રેસે વીજતંત્રમાં ડેપ્યુટી એન્જિનીયર રહી ચુકેલા ડો.સુરેશ બથવારને ટિકીટ આપી છે. ઈલેકટ્રીક એન્જિનિયરિંગ, એલ.એલ.બી. તેમજ માસ્ટર ઓફ જર્નાલીઝમની ડિગ્રી ધરાવે છે. છેલ્લા સાત વર્ષથી 'એકલવ્ય ફાઉન્ડેશન ટ્રસ્ટ'ના પ્રમુખ તરીકે ફરજ બજાવે છે. છેલ્લા વીસ-પચ્ચીસ વર્ષથી કોંગ્રેસ સાથે તેમજ એનએસયુઆઈમાં જોડાયા હતા.

| Sl. No. | No & Name of Constituency | | Candidates Selected |
|---|---|---|---|
| 1 | 4 | Anjar | Rameshbhai S. Dangar |
| 2 | 5 | Gandhidham - SC | Bharat V. Solanki |
| 3 | 13 | Deesa | Sanjaybhai Govabhai Rabari |
| 4 | 20 | Kheralu | Mukeshbhai M Desai |
| 5 | 24 | Kadi - SC | Parmar Pravinbhai Ganpatbhai |
| 6 | 27 | Himatnagar | Kamleshkumar Jayantibhai Patel |
| 7 | 28 | Idar - SC | Ramabhai Virchandbhai Solanki |
| 8 | 35 | Gandhinagar South | Dr. Himanshu V Patel |
| 9 | 41 | Ghatlodia | Ms. Ameeben Yagnik |
| 10 | 44 | Ellisbridge | Bhikhu Dave |
| 11 | 50 | Amraiwadi | Dharmendra Shantilal Patel (Dhambhai) |
| 12 | 57 | Daskroi | Umedi Budhaji Zala |
| 13 | 70 | Rajkot South | Hiteshbhai M. Vora |
| 14 | 71 | Rajkot Rural - SC | Sureshbhai Karshanbhai Bathvar |
| 15 | 72 | Jasdan | Bholabhai Bhikhabhai Gohil |
| 16 | 78 | Jamnagar North | Bipendrasinh Chatursinh Jadeja |
| 17 | 83 | Porbandar | Arjun Modhwadiya |
| 18 | 84 | Kutiyana | Nathabhai Bhurabhai Odedara |
| 19 | 85 | Manavadar | Arvindbhai Jinabhai Ladani |
| 20 | 99 | Mahuva | Kanubhai Kalsaria |
| 21 | 116 | Nadiad | Dhruval Sadhubhai Patel |
| 22 | 125 | Morvahadaf - ST | Ms. Snehlataben Govindbhai Khant |
| 23 | 129 | Fatepura - ST | Raghu Ditabhai Machar |
| 24 | 130 | Jhalod - ST | Dr. Mitesh K. Garasiya |
| 25 | 131 | Limkheda - ST | Ramesh Kumar Gundiya |
| 26 | 139 | Sankheda - ST | Bhil Dhirubhai Chunilal |
| 27 | 142 | Sayajigunj | Ms. Amee Ravat |
| 28 | 143 | Akota | Rutvik Joshi |
| 29 | 144 | Raopura | Sanjay Patel (SP) |
| 30 | 145 | Manjalpur | Ms. Dr. Tashvin Singh |
| 31 | 155 | Olpad | Darshankumar Amrutlal Nayak |
| 32 | 158 | Kamrej | Nileshkumar Mansukhbhai Kumbhani |
| 33 | 161 | Varachha Road | Prafulbhai Chhaganbhai Togadiya |
| 34 | 166 | Katargam | Kalpesh Harjivanbhai Variya |
| 35 | 167 | Surat West | Sanjay Rameshchandra Patwa |
| 36 | 169 | Bardoli - SC | Ms. Pannaben Anilbhai Patel |
| 37 | 170 | Mahuva - ST | Ms. Hemangini Dipakkumar Garasiya |
| 38 | 173 | Dangs - ST | Mukeshbhai Chandarbhai Patel |
| 39 | 174 | Jalalpore | Ranjitbhai Dahyabhai Panchal |
| 40 | 176 | Gandevi - ST | Shankarbhai V Patel |
| 41 | 180 | Pardi | Ms. Jaishri Patel |
| 42 | 181 | Kaprada - ST | Vasantbhai Barjulbhai Patel |
| 43 | 182 | Umbergaon - ST | Nareshbhai Vajirbhai Valvi |

### રાજકોટ વિધાનસભા-૬૮



અશોક ડાંગર | દિનેશભાઇ મકવાણા | વલ્લભભાઇ પરસાણા

### રાજકોટ વિધાનસભા-૬૯



પ્રદિપ ત્રિવેદી | મનસુખ કાલરીયા | અતુલ રાજાણી | ગોપાલ અનડકટ

રાજકોટ ૬૮માં અશોક ડાંગર, દિનેશ મકવાણા, વલ્લભ પરસાણા, રાજકોટ ૬૯માં પ્રદિપ ત્રિવેદી, અતુલ રાજાણી, મનસુખ કાલરીયા, ગોપાલ અનડકટ વગેરેના નામો ચર્ચાઇ રહ્યા છે.

## કોંગ્રેસે ૪૩ ઉમેદવારોની યાદી જાહેર કરી

# કપાસમાં મણદીઠ રૂ.૮૦ વધ્યા, ભાવે ૧૮૦૦ની સપાટી કુદાવી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૫

સોમવારથી યાર્ડમાં નવી જણસીની આવક શરૂ કરવામાં આવી છે. આવકના પહેલે દિવસે કપાસનો ભાવ રૂ. ૧૭૩૨ બોલાયો હતો. કપાસની સતત માંગ ઊંચી રહેતા ભાવમાં વધારો થયો છે. શુક્રવારે કપાસના ભાવે રૂ. ૧૮૦૦ની સપાટી કુદાવી હતી અને ભાવ રૂ. ૧૮૧૦એ પહોંચ્યો હતો. જો કે હજુ આવક, ભાવ અને ડિમાન્ડ ત્રણેયમાં વધારો થશે તેમ વેપારીઓ જણાવી રહ્યા છે.

યાર્ડ શરૂ કર્યાના પ્રથમ દિવસે જ મગફળીની કુલ ૩૦ લાખ કિલો આવક થઇ હતી. આ આવક થયા બાદ શુક્રવાર સુધી પડતર આવકનો નિકાલ નહિ થતા હજુ સુધી નવી આવક સ્વીકારવામાં આવી નથી. આ દિવસે મગફળીનો ભાવ રૂ. ૧૦૫૦ થી ૧૩૨૫ સુધી બોલાયો હતો. કપાસ, મગફળી ઉપરાંત સોયાબીનમાં પણ આવક હાલમાં નોંધપાત્ર છે. અત્યારે યાર્ડમાં કુલ ૩૭ જણસી ઠલવાઈ રહી છે. કપાસની આવક વધારે રહેવાને કારણે કપાસિયા તેલના ભાવ સ્થિર જોવા મળી રહ્યા છે. કપાસિયા તેલનો ડબ્બો રૂ. ૨૪૦૦એ પહોંચ્યો છે.

શિયાળાના આગમનના પગલે લીલા શાકભાજીની આવક વધી રહી છે જેથી ભાવમાં પણ નોંધપાત્ર ઘટાડો આવ્યો છે. શુક્રવારે જૂના યાર્ડમાં લીલા શાકભાજી વિભાગમાં સૌથી વધુ આવક ટમેટા ૭૮,૬૦૦ કિલોની થઇ હતી. આવક વધવાની સાથે જ ભાવમાં ઘટાડો આવ્યો છે. યાર્ડમાં એક કિલો ટમેટાનો ભાવ રૂ. ૧૫ થી ૨૦ બોલાયો હતો. જ્યારે અગાઉ તેનો ભાવ રૂ. ૫૦ થી ૬૦ હતો.

# જસદણ પંથકમાં ત્રણ જગ્યાએ પોલીસ ચેક પોસ્ટ શરૂ



(ધર્મેશ કલ્યાણી દ્વારા)
જસદણ, તા. ૫

જસદણ વિધાનસભા બેઠકની ચૂંટણીમાં આચારસંહિતાના કડક અને ચુસ્ત અમલ માટે ચૂંટણી અધિકારી આર. જી. આલની સૂચના મુજબ જસદણ શહેરના આટકોટ નજીક, કમળાપુર નજીક તેમજ વિંછીયા નજીક થોરિયાલી ગામ પાસે એમ અલગ અલગ ત્રણ દિશામાં હાઇ-વે ઉપર પોલીસ ચેક પોસ્ટ શરૂ કરવામાં આવી છે.

જસદણ ચૂંટણી તંત્ર દ્વારા ત્યાં પોલીસની સાથે અન્ય એક સ્ટાફની પણ નિમણૂંક કરવામાં આવી છે. આ તમામ ચેકપોસ્ટ ઉપર આવતા જતા વાહનોમાં રોકડ સહિતની બાબતોની ચકાસણી કરવામાં આવશે.

# રૂપેરી રંજન

## નવી ફિલ્મને માટે ખુબ ઉત્સાહીત છે કેટરીના

કેટરિના કૈફની હોરર કોમેડી ફિલ્મ ફોનભૂત આજથી રિલીઝ થઇ રહી છે. આ ફિલ્મ પછી તે જી લે જરા નામની ફિલ્મમાં જોવા મળશે. આ ફિલ્મ માટે તે ખુબ ઉતસાહી છે. જેમાં તેની સાથે પ્રિયંકા ચોપડા જોનસ અને આલીયા ભટ્ટ પણ



છે. જી લે જરાનું નિર્દેશન ફરહાન અખ્તર કરશે અને તે રિતેશ સિધવાણી સાથે મળીને ફિલ્મને પ્રોડ્યુસ પણ કરશે. ફિલ્મની સ્ક્રિપ્ટ ફરહાન અખ્તર, ઝોયા અખ્તર અને રીમા કાગતીએ મળીને લખી છે. એવું જાણવા મળ્યું છે કે ફિલ્મની સ્ટોરીમાં ત્રણેય ફીમેલ રોડ-ટ્રિપ પર જાય છે. જી લે જરા વિશે કેટરિનાએ કહ્યું હતું કે અમે બધાં એને લઈને ખુબ ઉત્સુક છીએ. એ ફિલ્મની એની પોતાની જર્ની છે. આ ફિલ્મની જ્યારે ફાઇનલી શરૂઆત થશે ત્યારે ખૂબ મજા આવશે. આ ફિલ્મમાં કેટરિના તેની મેકઅપની બ્રેન્ડને તેની કો-સ્ટાર માટે લઈ જવાની છે. એ વિશે કેટરિનાએ કહ્યું ક આ ફિલ્મ સુપર એકસાઇટિંગ ફિલ્મ છે. એ ફિલ્મમાં હું મારી ગર્લ્સ માટે મેકઅપની આખી રેન્જ લઈ જવાની છું.

## મીનાક્ષી શેષાદ્રી ૨૭ વર્ષ પછી ફરી કેમેરા સમક્ષ ઉપસ્થિત



બોલીવુડ અભિનેત્રી મીનાક્ષી શેષાદ્રી હાલમાં જ એક ગાયકી રિયાલિટી શોમાં ઉપસ્થિત થયાં હતાં અને લગભગ ૨૭ વર્ષના સમયગાળા પછી ભારતમાં ફરી કેમેરા સમક્ષ આવ્યાં બદલ રોમાંચ થયાની લાગણી વ્યક્ત કરી હતી. ૫૮ વર્ષીય મીનાક્ષી 'દામિની', 'હીરો', 'દિલવાલે' જેવી ફિલ્મોમાં કરેલા અભિનય બદલ દર્શકોને આજે પણ યાદ રહી ગયાં છે. તેઓ અવ્વલ નૃત્યાંગના પણ છે. અઢી દાયકાથી પણ વધારે સમય બાદ ફરી કેમેરા સામે આવવાથી પોતે થોડાંક નર્વસ થયાં હોવાનું મીનાક્ષીએ કહ્યું હતું. 'ઈન્ડિયન આઈડોલ' રિયાલિટી શોના સેટ પર તેઓ ત્રણ જજ - હિમેશ રેશમીયા, નેહા કક્કડ અને વિશાલ દદલાની તથા સંચાલક-ગાયક આદિત્ય નારાયણ સાથે ઉપસ્થિત રહ્યાં હતાં. મીનાક્ષી કારકિર્દીની ટોચ પર હતાં ત્યારે જ અચાનક બોલીવુડમાંથી ગાયબ થઈ ગયાં હતાં. બાદમાં ખબર પડી હતી કે એમણે ન્યૂયોર્કસ્થિત ભારતીય-અમેરિકન ફાઈનાન્સર હરિશ મૈસૂર સાથે ૧૯૯૫માં લગ્ન કર્યાં હતાં. દંપતીને બે સંતાન છે - પુત્ર જોશ અને પુત્રી કેન્દ્રા.

## કૃતિકાએ શરૂ કર્યુ થ્રિલર શોનું શુટીંગ

અભિનેત્રી કૃતિકા કામરા છેલ્લે આવેલી વેબ સિરીઝ હશ હશની સફળતાને કારણે ખુશ છે. કૃતિકાએ ટીવી પરદે અનેક શો કર્યા છે. ૨૦૦૭માં તેણે યહાં કે હમ સિકંદર શોથી શરૂઆત કરી હતી. તે બેસ્ટ ગર્લફ્રેન્ડ, મિત્રો, વ્હાઇટ શર્ટ સહિતની ફિલ્મો પણ કરી ચુકી છે. તાંડવ જેવી વેબ સિરીઝમાં પણ તે ખાસ ભુમિકામાં હતી. હવે પછીનો તેનો શો થ્રિલર જોનરનો છે. ફોર યોર આઇઝ ઓન્લી નામના શોમાં તે સ્કેમ ૧૯૯૨ ફેઇમ ગુજરાતી અભિનેતા પ્રતિક ગાંધી સાથે જોવા મળવાની છે. આ વેબ શોનું શુટીંગ પણ ચાલુ થઇ ગયું છે. જે મુંબઇમાં જ થયું છે. આ પછીનું શુટીંગ ચંદીગઢમાં કરવામાં આવશે. વેબ શોમાં



કૃતિકાએ પોતાના પ્રભાવશાળી અભિનયથી દર્શકોના દિલ જીત્યા છે. તેની સતત મહેનત હવે રંગ લાવી છે.

## સ્ક્રિપ્ટ વાંચતા જ મેં આ કામ માટે હા કહી દીધી હતીઃ દિગાંગના

દિગાંગના સૂર્યવંશીએ ટીવી પરદે નામના મેળવી પછી હવે એ ફિલ્મો કરી રહી છે. તેણે હિન્દી ઉપરાંત તમિલ, તેલુગુ ભાષાની ફિલ્મો પણ કરી છે. મહલ નામની તેની તમિલ ફિલ્મ હાલમાં ચર્ચામાં છે. તે કહે છે આ ફિલ્મની સ્ક્રિપ્ટ ઉમદા છે. આ પ્રકારની ફિલ્મો મને આકર્ષે છે. સ્ક્રિપ્ટ વાંચતા જ મેં પુછી લીધુ હતું કે શુટીંગ ક્યારે શરૂ કરવું છે. આ ફિલ્મને નાના મોટા સૌ કોઇ માણી શકશે. વીએફએકસનો પણ ભરપુર ઉપયોગ થયો છે. આ ફિલ્મ માટે મેં અગાઉથી તૈયારીઓ કરી હતી. શારીરિક રીતે ફીટ રહેવું પણ જરૂરી હતું. આ માટે મેં શુટીંગનું શેડયુલ શરૂ થતાં જ ડાયેટ પ્લાનમાં ખુબ ધ્યાન આપ્યું હતું. મેં નિયમીત કસરત પણ કરી હતી અને ત્રણેક કિલો વજન ઉતાર્યુ હતું. મારા પ્રિન્સેસના પાત્ર માટે રોજ કોસ્ચ્યુમ, જ્વેલરી મળી દસેક કિલોનું વજન લાદવામાં આવતું હતું.



# સ્પોર્ટ કોર્નર

## હેપ્પી બર્થડે કિંગ કોહલીઃ સોનેરી સફર ખેડનારા કોહલી થયા ૩૪ વર્ષના





ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન વિરાટ કોહલી આજે ૩૪ વર્ષના થઈ ગયા છે. ટીમ ઈન્ડિયાના સ્ટાર બેટરોમાં સામેલ કોહલી આજે પોતાનો જન્મદિવસ ઑસ્ટ્રેલિયામાં જ ઉજવી રહ્યા છે. ૫ નવેમ્બર-૧૯૮૮ના જન્મેલા કોહલી ક્રિકેટની દુનિયામાં પોતાની આક્રમક બેટિંગ માટે ઓળખાય છે. આ જ કારણ છે કે ટેસ્ટ ક્રિકેટ હોય કે પછી વન-ડે ક્રિકેટ હોય કે પછી ટી-૨૦ ફોર્મેટ હોય તમામમાં કોહલીની જ બોલબાલા છે. કોહલીના નેતૃત્વમાં ભારત અન્ડર-૧૯ વર્લ્ડ ચેમ્પિયન બન્યું હતું પરંતુ આ પછી કેપ્ટન તરીકે કોહલી ક્યારેય ટીમને આઈસીસી ટૂર્નામેન્ટમાં ટ્રોફી અપાવી શક્યા નથી જેનો રંજ તેને હંમેશા રહેશે. ભલે ટીમને કેપ્ટન તરીકે ટ્રોફી ન જીતાડી હોય પરંતુ કોહલીએ પોતાની બેટિંગ-ફિલ્ડિંગમાં પોતાનું ૧૦૦% યોગદાન આપવામાંથી ક્યારેય પીછેહઠ કરી નથી. ૨૦૧૪માં ટેસ્ટ ટીમની કમાન મળ્યા બાદ તેમણે ટીમને વિદેશી ધરતી પર હરિફ ટીમ સાથે લડવાની સાથે જ જીતવાનું પણ શીખવ્યું છે. તેમની આગેવાનીમાં ટીમ ઈન્ડિયાએ અનેક ઉપલબ્ધીઓ હાંસલ કરી છે. કોહલીની આગેવાનીમાં ટીમ ઈન્ડિયા ટેસ્ટમાં નંબર વન ટીમ બની તો આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના ફાઈનલમાં પહોંચી હતી. ઑસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ અને આફ્રિકા જેવી ટીમોને ભારતે તેની જ ધરતી પર હાર આપી જેનો શ્રેય કોહલીને જાય છે. ૨૦૧૭માં કોહલી ભારતીય ટીમના મર્યાદિત ઓવરના કેપ્ટન પણ બન્યા હતા. જો કે અહીં પણ ટીમ તેમની આગેવાનીમાં આઈસીસી ઈવેન્ટમાં વધુ કમાલ બતાવી શકી નહોતી પરંતુ પોતાની કેપ્ટનશિપમાં કોહલીએ ટીમને અનેક ઐતિહાસિક જીત જરૂર અપાવી છે. કોહલીએ મહેન્દ્રસિંહ ધોની બાદ ભારતના બીજા સૌથી સફળ કેપ્ટન તરીકે ટી-૨૦ ફોર્મેટમાં પોતાનો કાર્યકાળ પૂર્ણ કર્યો હતો. કોહલીનો જન્મ ૫ નવેમ્બર-૧૯૮૮માં દિલ્હીમાં થયો હતો. પોતાના ૩૪મા જન્મદિવસ નિમિત્તે કોહલી અત્યારે ઑસ્ટ્રેલિયામાં વર્લ્ડકપ માટે ટીમ ઈન્ડિયાનો હિસ્સો છે. આ ટૂર્નામેન્ટમાં કોહલીના બેટમાંથી ભરપૂર રન નીકળી રહ્યા છે. તેઓ આ મેગા ઈવેન્ટમાં સૌથી વધુ રન બનાવનારો બેટર પણ બન્યા છે. કોહલીને તેની કારકીર્દિના દિવસોમાં સાથી ખેલાડીઓ ચીકુ કહીને બોલાવતા હતા.

### આગામી શનિવાર તા. ૧૨ નવેમ્બરના રોજ

## નવધા કલ્ચરલ ક્લબ દ્વારા RJ દેવકી અને ચિરાગ વોરા અભિનિત અદ્‌ભૂત નાટક 'પત્રમિત્રો'ની રજૂઆત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૫

રાજકોટ આંગણે અવનવા કાર્યક્રમો યોજવા માટે અને શહેરમાં સાહિત્ય અને કલાના સંયોજન સાથે એક અલગ માહોલ સર્જવા માટે શરૂ થયેલી નવધા કલ્ચરલ ક્લબ દ્વારા RJ દેવકી અને પ્રખ્યાત અભિનેતા ચિરાગ વોરા અભિનિત 'પત્રમિત્રો' નામના નાટકનો શો આગામી શનિવાર તા. ૧૨ નવેમ્બરના રોજ આયોજીત કરવામાં આવેલ છે.

આજના આધુનિક યુગમાં જ્યારે પત્રો લખવાનું સાવ વિસરાઈ ગયું છે અને સંદેશા વ્યવહારનું માધ્યમ એક ટચ સ્ક્રીન બની ચૂકી છે ત્યારે કાગળ ઉપર પેન વડે લખતી વખતે વ્યક્ત થતી લાગણીઓ કોઈ જ ફિલ્ટર વિના નીકળતી હોય છે એ આહ્લાદક અનુભૂતિ આ નાટકના માધ્યમથી અનુભવી શકાય છે. એ.આર. ગુર્નેના નાટક 'લવ લેટર્સ' પર આધારિત આ ગુજરાતી નાટકમાં કારકિર્દીની દોડમાં અલગ-અલગ જગ્યાએ રહેતા બે પ્રેમીઓના પ્રેમાલાપનો આધાર માત્ર પત્રો છે. પ્રેમ અને ઝગડો તેમજ રિસામણા અને મનામણા બધું જ પત્રોથી. આ નાટ્ય શોમાં બન્ને કલાકારો દ્વારા પત્રોને એવી હૃદયસ્પર્શી રીતે વાંચવામાં આવ્યા છે કે પત્ર વાંચતી વખતે લખનારનો અવાજ સંભળાય. ગુસ્સો, ગમો, અણગમો, હૂંફ, પ્રેમ અને લાગણીઓ અનુભવાય અને સૌથી મહત્ત્વનું આ બધું જ સચવાય.

આજના સમયમાં જ્યારે સોશ્યલ મીડિયા પર લાગણીઓ વ્યક્ત કર્યા પછી delete for everyone નો વિકલ્પ ઉપલબ્ધ હોય છે ત્યારે વર્ષો સુધી લખાયેલા, સચવાયેલા અને દરેક પ્રકારની લાગણીઓથી તરબતર પત્રો અનુભવવા નૌશીલ મહેતા દિગ્દર્શીત 'પત્રમિત્રો' જોવું જ રહ્યું.

નવધા કલ્ચરલ ક્લબ દ્વારા આયોજિત અને RJ દેવકી અને ચિરાગ વોરાના બેનમૂન અભિનયથી ઓપતા આ નાટકની ટિકિટ મેળવવા તથા નવધા કલ્ચરલ ક્લબની વાર્ષિક મેમ્બરશીપ મેળવવા ( ૯૦૮૧૨ ૪૪૪૪૧-૯૦૮૧૨ ૪૪૪૪૨ ) પર સંપર્ક કરવો. તેમ જણાવ્યું છે.

# ગુજરાતના રાજકીય હવામાનમાં તાજી હવાનું ઝોકું એટલે ઈસુદાન ગઢવી



**આમ આદમી પાર્ટીના મુખ્યમંત્રી પદના ચહેરા ઈસુદાન લોક સમસ્યાઓને નજીકથી જોઈએ ચુકેલા અભ્યાસુ જીવ છેઃ લોકોના પ્રશ્નોને ઉજાગર કરવામાં આ હાલાર યોદ્ધો હંમેશા અગ્રેસર રહ્યાનું કટર વિરોધીઓ પણ કબુલે છે**

**પત્રકાર તરીકે વ્યવસાય કારકિર્દી શરૂ કરનાર ઈસુદાન ગઢવીએ જનતાની વેદનાને દુર કરવાના મક્કમ ઈરાદે જ રાજકારણના મેદાનમાં પ્રવેશ કર્યોઃ ખુબ જ આધ્યાત્મિક જીવ એવા ઈસુદાન ગઢવીને પત્રકાર જ બનવું હતું પરંતુ લોકોની વેદના અને પીડાને જોઈને રાજનીતિમાં ઝુકાવ્યું**

## ઈસુદાન ગઢવીના રાજકારણની મધ્યમાં અને ચારેતરફ એક જ મંત્ર છે, લોકસેવા, લોકસેવા અને લોકસેવાઃ એમને રાજકારણમાં કોઈ વ્યક્તિગત અભરખા નથી, કોઈ રાજનીતિ એમનો શોખ નથી પણ જનસેવાની મજબૂરી એમને રાજકારણમાં લાવી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૫

લોકોમાં આજે અને ખાસ કરીને સૌરાષ્ટ્ર તથા ગુજરાતના ખૂણે ખૂણે લોકોમાં ખુબ જ ઉત્કંઠા અને આતુરતા સાથે એક જ સવાલ પુછાઈ રહ્યો છે કે, ભાઈ, ઈસુદાન ગઢવી ક્યા છે? જ્યારથી આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય વડા અરવિંદ કેજરીવાલે ગુજરાતમાં આપ ના મુખ્યમંત્રી પદના ચહેરા તરીકે ઈસુદાન ગઢવીનું નામ જાહેર કર્યું છે. ત્યારથી આજે રાજ્યના ઘરે ઘરે ઈસુદાન ગઢવીના નામની જોરશોરથી ચર્ચા થઇ રહી છે.

એક વાક્યમાં કહીએ તો એ કહી શકાય કે, ઈસુદાન એટલે જનતાના સુખ-દુઃખ માટે કઈ પણ કરી છૂટવાની ધગશ અને લગન ધરાવતી એક અનોખી વ્યક્તિ છે. એમના માટે પત્રકારિતા હોય કે રાજકારણ જીવનનો એક જ મંત્ર રહ્યો છે અને એ છે લોકસેવા, લોકસેવા અને માત્ર લોકસેવા.

ઈસુદાન ગઢવીનો જન્મ ૧૦ જાન્યુઆરી ૧૯૮૨ ના રોજ જામખંભાળિયાના પીપળીયા ગામે થયો. એમને કોલેજ કાળથી જ પત્રકાર બનવાની લગન હતી. એમણે ગુજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ કર્યો હતો. પીપળીયામાં જન્મ અને ઉછેર થયો હોવાથી જામનગરમાં જઈને કોલેજ કરી હતી. એ પછી ગુજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ કરી પત્રકારિત્વ ક્ષેત્રમાં ઝંપલાવી દીધું હતું. અમદાવાદ અને વાપીથી એમણે ગુજરાતી ટીવી ચેનલમાં પત્રકાર તરીકે કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો. પત્રકાર બન્યા પછી કુટુંબથી દુર શહેરમાં રહેવું પડ્યું. એ દરમ્યાન ૨૦૧૪ ની સાલમાં એમને એક વ્યકિતગત આઘાત લાગ્યો. એમના પિતા ખેરાજભાઈનું નિધન થયું. ઈસુદાનભાઈને પિતાએ જ સ્પષ્ટ સલાહ આપી હતી કે, ભલે મુશ્કેલીઓ નડે પણ પત્રકારિત્વ છોડવાનું નથી. એમણે દક્ષિણ ગુજરાતમાં રહીને પણ ગુજરાતી ચેનલમાં રહીને સુંદર કામગીરી બજાવી હતી.

૨૦૧૫ માં તેઓ અમદાવાદ આવી વસ્યા અને ગુજરાતી ટીવી ન્યુઝ ચેનલમાં તેઓ બ્યુરોચીફ બન્યા હતા અને એક જ વર્ષ બાદ એમણે પ્રગતિનું મોટું શિખર સર કર્યું. ૨૦૧૬ માં તેઓ સૌથી નાની વયના ગુજરાતી ચેનલના હેડ બન્યા હતા. એમના એક ટીવી કાર્યક્રમથી તો ગુજરાત નહીં દેશમાં પણ એમનું નામ લોકપ્રિય થઈને ગાજવા લાગ્યું હતું.

ગુજરાતી વી.ટીવી ચેનલમાં એમણે 'મહામંથન' નામના ટીવી શોનું લાંબો સમય સંચાલન કર્યું હતું. આ ડીબેટ-શોમાં મહતમ રીતે ખેડૂતો, મધ્યમ વર્ગ અને છેવાડાના વર્ગના નાગરિકોને સ્પર્શતા હોય એવી સમસ્યાઓ અને મુદ્દાઓની જ ચર્ચા થતી હતી. આ ટીવી શોના કારણે ઈસુદાન ગઢવી ઘરે ઘરે જાણીતા થયા. એટલું જ નહીં સતત ખેડૂતોના પ્રશ્નો ઉજાગર કરવાને કારણે તાલુકા મથકો તેમજ ગ્રામીણ વિસ્તારોમાં ઈસુદાનનો એક બહુ મોટો વિશાળ ચાહક વર્ગ ઉભો થયો.

એમને રાજકારણમાં કેમ આવું પડ્યું એ માટેનું કારણ પણ રસપ્રદ અને જાણવા જેવું છે. એમનો ડીબેટ-શો એવો અસરકારક બન્યો હતો કે, ચમરબંધીઓના પણ હાંજા ગગડી જતા હતા અને ભ્રષ્ટાચારી તત્વો ભોં ભીતર થઇ જતા હતા. તેઓ માત્ર શોમાં લોકપ્રશ્નોની ચર્ચા કરીને બેસી રહેતા નહીં પણ પ્રશ્નોના ઉકેલ મેળવવા વારંવાર સરકાર સમક્ષ પણ જવાનું થતું હતું. કોઈ ઉકેલ મળતો નહીં એટલે એમને ખુબ જ મનમાં દુઃખ થતું હતું. ઘણા પ્રશ્નો ઉકેલાતા નહીં કેમકે નીતિઓ જ એવી હતી કે, લોકોના અનેક પ્રશ્નો હલ થતા નહીં.

ઈસુદાનને થયું કે, આમ આદમી પાર્ટી જ લોકોના કામ કરી શકવા સક્ષમ છે. આવા પક્ષની જ લોકોને અત્યારે જરૂર છે. એટલે ખુબ જ ઝળહળતી પત્રકારિત્વ કારકિર્દી છોડવાનો એમણે પલકવારમાં નિર્ણય લઇ લીધો. અને વિધિસર આમ આદમી પાર્ટીના જોડાઈ ગયા અને એમના જીવનનો એક નવો ઉમદા અધ્યાય શરુ થઇ ગયો. લોકપ્રશ્નોની એમની સમજ, લોકોને પીડાથી મુકત કરવાની એમની ધગશ અને લગનનું જ એ પરિણામ છે કે, આજે ઈસુદાન ગુજરાતમાં 'આપ'નો મુખ્યમંત્રી પદનો ચહેરો બન્યા છે. ઈસુદાન ગઢવી એમની રાજકીય યાત્રામાં સફળતાના એક પછી એક શિખરો સર કરતા રહે અને જનસેવાનું આજસુધી ન જોવા મળ્યું હોય એવું ઉમદા ઉદાહરણ પ્રસ્થાપિત કરી બતાવે એવી પરિવાર એમને ખોબલે ખોબલે શુભેચ્છા આપે છે. લોકસેવાનો એમનો મંત્ર સાકાર કરવામાં એમને અસાધારણ સફળતા મળે એવી અમારી હૃદયપૂર્વકની પ્રાર્થના છે. ઈસુદાન ગઢવી પર એમના વતન પીપળીયાથી માંડીને સૌરાષ્ટ્ર અને ગુજરાતના ખૂણે ખૂણેથી એમના શુભેચ્છકો, સમર્થકો અને સમાજના તમામ વર્ગોમાંથી શુભેચ્છાઓ અને અભિનંદનનો વરસાદ કરી રહ્યા છેઅને એમની સફળતા માટે પ્રાર્થના અને દુઆ કરી રહ્યા છે.(૨.૧૨)

## ઈસુદાન ગઢવી પર એમના વતન ખંભાળિયાના પીપળીયાથી માંડીને સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતના ખૂણે ખૂણેથી શુભેચ્છા અને અભિનંદનનો વરસાદ




દિલ્હી અને પંજાબના મુખ્યમંત્રીએ ચારણ આઈના આર્શિવાદ લીધાની તસવીરો સોશિયલ મીડિયામાં મોટા પ્રમાણમાં વાયરલ

## પત્રકાર આલમમાં અનેરી ખુશાલીનો વાતાવરણ, જો એક ચા વેચવાવાળી વ્યક્તિ દેશના વડાપ્રધાનના પદ સુધી પહોંચી શકે તો એક વ્યવસાયી પત્રકાર મુખ્યમંત્રી ન બની શકે?



ઈશુદાન ગઢવીનું મુખ્યમંત્રી તરીકે પક્ષે નામ જાહેર કરતા ભાવુક બન્યા હતા

# રાજકોટઃ શેરબજારમાં હારેલા કરોડોની ઉઘરાણીમાં વેપારીનું અપહરણ

## આસ્થા એવન્યુના મકાનમાં લઈ જઈ બેફામ મારમાર્યોઃ આરોપીઓ સકંજામાં

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૫ :

જ્યુબિલી નજીક જવાહર રોડ પર ભાભા હોટેલની પાછળ શ્વેતશ્યામ એપાર્ટમેન્ટમાં રહેતા આશીષભાઈ નલીનભાઈ કોટેચા(લુવાણા) (ઉ.વ.૩૫) એ પોતાની ફરિયાદમાં દિવ્યરાજસિંહ દશરથસિંહ જાડેજા,યુવરાજસિંહ ચુડાસમા,કૃષ્ણસિંહ જાડેજા દિવ્યેશ ઉર્ફે ભૂરો વાઘેલા અને તેની સાથે આવેલા ચાર અજાણ્યા શખ્સો વિરુદ્ધ એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા કલમ ૩૬૫,૩૮૭,૫૦૪,૫૦૬(૨) અને ૧૧૪ તેમજ જીપીએક્ટ ૧૩૫ મુજબ હેઠળ કાર્યવાહી કરવામાં આવી રહી છે. આશિષે ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું મારા પરીવાર સાથે રહું છું અને વાંકાનેર ખાતે ગ્રીનચોક પાસે આશીષ ટ્રેડર્સ નામની દુકાન ધરાવી કરીયાણા તથા સીરામીકના ભંગારનો વેપાર કરૂ છું અને હું રોજ રાજકોટથી વાંકાનેર મારી કાર લઈને વેપાર કરવા માટે જાવ છું અને હું સને-૨૦૧૯ માં દીવ્યરાજસિંહ જાડેજા ના સંપર્કમાં આવેલ અને આ દિવ્યરાજસિંહ શેરબજારનું કામ કરતા હોય જેથી તેમને ત્યાં શેરબજારમાં પૈસાનુ રોકાણ કરવાનુ ચાલુ કર્યું હતું અને બાદ સને-૨૦૨૦ માં કોરોના આવી જતાં શેરબજાર ડાઉન થતાં મને શેરબજારમાં ખુબજ નુકશાની થયેલ અને હુ શેરબજારમાં રૂ,૨૦,૦૦૦,૦૦(એક કરોડ વીસ લાખ) હારી ગયો હતો.આ પૈસા મારે દિવ્યરાજસિંહને ચુકવવાના હતા. જેથી આ દિવ્યરાજસિંહ મારી પાસે તે પૈસાની અવારનવાર ઉઘરાણી કરતા હતાં અને મારી પાસે પૈસાની સગવડતા ના હોય હું તેમની પાસેથી અવારનવાર સમય માંગતો હતો. ગઈ કાલ.તા.૦૪/૧૧ ના રોજ સાંજે હુ મારા ઘરે હતો તે વખતે આશરે સાંજના સાડા છએક વાગ્યે આ દિવ્યરાજસિંહનો મારા મોબાઈલ પર ફોન આવેલ અને મને કહેલ કે, તું ક્યાં છો જેથી મે જણાવેલ કે હુ બહાર છું તેમ કહી મે ફોન રાખી દીધેલ બાદમાં ફરી સાડા સાતેક વાગ્યાની આસપાસ આ દિવ્યરાજસિંહનો મારા મોબાઈલ ફોન પર ફોન આવેલ અને મને કહેલ કે હુ સિનર્જી હોસ્પિટલ પાસે છું તું અહી આવીજા મારે પૈસાની લેતીદેતીની વાત કરવી છે જેથી મે કહેલ કે હુ મારા ઘરે છું તમારે જે વાત કરવી હોય તે અહીં આવી કરો. જેથી આ દિવ્યરાજસિંહે કહેલ કે હું થોડી વારમાં આવુ છું આ દરમ્યાન મારા મીત્ર ગીરીરાજસિંહ ચાવડા મને મળવા માટે ઘરે આવ્યા હોય અને મારો નાનો ભાઈ નૈમીષ પણ ઘરે હાજર હતો.જેથી આ બન્નેને મે વાત કરેલ કે દિવ્યરાજસિંહ મારી પાસે પૈસા માંગે છે જે બાબતે વાત કરવા અહી આવે છે.બાદ નવેક વાગ્યાની આસપાસ આ દિવ્યરાજસિંહનો ફોન આવેલ અને કહેલ કે અમે તારા ઘર પાસે યુનીયન બેંકની બાજુમાં આવેલ ભાભા હોટેલે ઉભા છીયે તું આવી જા જેથી હું તથા મારો ભાઈ નૈમીષ તથા મીત્ર ગીરીરાજસિંહ ત્રણેય ભાભા હોટેલ પાસે ગણેશ પાનની કેબીન પાસે ગયા હતા.જ્યાં પહેલેથી જ આ દિવ્યરાજસિંહ દશરથસિંહ જાડેજા, યુવરાજ સિંહ ચુડાસમા,કૃષ્ણસિંહ જાડેજા અને દિવ્યેશ ઉર્ફે ભુરો વાઘેલા એમ ચાર માણસો ઉભા હતાં. આ દિવ્યરાજસિંહે મને કહેલ કે તારી પાસે અવારનવાર હુ મારા પૈસા માંગુ છુ તુ કેમ નથી આપતો તેમ કહી આ દિવ્યરાજસિંહ તથા યુવરાજસિંહ મને ગાળો આપવા લાગ્યા અને અમારી વચ્ચે બોલાચાલી કરવા લાગેલ જેથી મારા ભાઈ નૈમીષે ગાળો આપવાની ના કહેતા દિવ્યરાજસિંહે મારા ભાઈ નૈમીષને ગાલ પર થપ્પડ મારી દીધેલ તે દરમ્યાન ત્યાં બીજી ગાડી આવેલ જેમાંથી ચાર અજાણ્યા માણસો ઉતર્યા હતા અને અમારી પાસે આવેલ અને આ લોકોને ગાડીમા લઇ લો તેમ કહેતા દિવ્યરાજસિંહ તથા સાથેના લોકોએ મને તથા મારા મીત્ર ગીરીરાજસિંહ ને તેમની ગાડીમાં બેસાડી દીધા

(અનુ.પાના નં.૪ ઉપર)

# રવિવારે અરવિંદ કેજરીવાલ રાજકોટમાંઃ જબરો રોડ-શો કરશે



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટઃ ગુજરાતમાં હવે તમામ તાકાતથી વિધાનસભા ચૂંટણીમાં આગળ વધી રહેલા આમ આદમી પાર્ટીના સંયોજક તથા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ હવે પૂર્ણ રીતે ગુજરાતમાં તેમની તાકાત લગાવી રહ્યા છે અને તેઓ તા.૬ના રોજ રાજકોટમાં નિલકંઠ સિનેમા રોડ પર રોડ-શો કરશે અને બપોરે ૪ વાગ્યે તેમના રોડ-શોનો પ્રારંભ થશે.

આ ઉપરાંત તેઓ બે દિવસ સૌરાષ્ટ્રમાં રોકાશે અને ચોટીલા, સરધાર સહિતના મતક્ષેત્રોમાં પણ તેમનો રોડ-શો અને પ્રચાર રેલી યોજાશે.




# સોનુ કે દાગીના લઈ જતા હોય ત્યારે પોલીસ હેરાન ન કરે તે માટે આઈકાર્ડ આપો

## સોની વેપારીઓની કલેકટરને રજૂઆતઃવેપારીઓ પાસે જરૂરી કાગળો હોવા છતાં દાગીના જપ્ત કરવાની ધમકી અપાતી હોવાનો આક્ષેપ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૫ :

રાજકોટમાં સોની વેપારીઓ પોલીસ કામગીરીને લઈ રોષે ભરાયા છે. વેપારીઓએ આ અંગે કલેકટરને આવેદન પત્ર પાઠવ્યું. આ એસોસિએશનના સભ્યોનો આક્ષેપ છે કે, પોલીસ કનગડત કરે છે, દાગીનાના વેપારીઓ પાસે જરૂરી કાગળો હોવા છતા દાગીના જપ્ત કરવાની ધમકી અપાઈ રહી છે. રાજકોટ સિલ્વર એસો.એ કલેકટરને રજૂઆત કરતા જણાવ્યું કે, આચારસંહિતામાં તથા રેગ્યુલર દિવસોમાં પોલીસ દ્વારા ખોટી રીતે કરાતી કનડગતમાંથી મુકિત આપવા પોલીસ દ્વાર સ્પેશિયલ આઇકાર્ડ આપવામાં આવે. ગોલ્ડ-જવેલરીના વેપારીઓએ જણાવ્યું કે, અમે સુવર્ણકાર છીએ અને સોની બજારમાં તથા તેને લાગુ વિસ્તારમાં નાની મોટી દુકાનો તથા શો-રૂમ ધરાવીએ છીએ. હાલમાં જ વિધાનસભા -૨૦૨૨ ની ચૂંટણી હોવાથી આચારસંહિતા છે સાથે સાથે આ જ મહિનામાં લગ્નગાળો શરૂ થવાનો છે. બાર માસમાંથી માત્ર આ બે મહિનામાં જ અમારો ધંધો વધુ ચાલતો હોય છે. આ સમયગાળામાં અમારે ગોલ્ડ-જવેલરી તથા સિલ્વર જવેલરી સાથે હોય છે અને જવેલરીનો સ્ટોક અમારા ધંધાના રેકર્ડમાં કાયદેસર રીતે હોય છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.